**સુવિચાર**

ગાંધીજીનું લક્ષ સત્ય હતું, અહિંસા હતું, સમભાવ હતો, સાદાઈ હતી, પોતાનું કામ પોતે કરવું અને રાષ્ટ્રહિતનું કાર્ય કરવું.

:: સૌજન્ય ::

**નિલકંઠ જવેલર્સ** (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭



પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૧/૧૧/૨૦૨૩, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.



ફરસાણ • ખમણ • મીઠાઈ
**શિવ** ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.



તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ-પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૭૯ આસો વદ-૪ વર્ષ : ૧૫ અંક : ૨૬૮


## સમાજ સેવક અને ભામાશા ગણાતા ઉધોગપતિ ગોપાલભાઈ વસ્તરપરા દ્વારા

# ચમારડી ખાતે ''વલ્લભ'' નામધારી ૧૪૮ વ્યકિતઓનું અદ્દકેરૂ સન્માન થયું

**સરદાર પટેલની ૧૪૮મી જન્મજયંતિએ સમગ્ર પંથકમાંથી સર્વ સમાજમાંથી જે વ્યકિતઓનું નામ 'વલ્લભ' છે તેવા ૧૪૮ વ્યકિતઓનું થયું સન્માન**

**સરદાર પટેલને જન્મજયંતિએ દુધાભિષેક અને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી**

**સરદાર પટેલની દેશનિષ્ઠા અને પ્રમાણિકતાનું વર્ણન ઉપસ્થિત વકતાઓએ કર્યુ**

**સાંસદ કાછડીયા, ધારાસભ્ય તળાવીયા, સાહિત્યકાર દેવાયતભાઈ ખવડ, સુખદેવભાઈ ધામેલિયા તેમજ અન્ય આગેવાનો ઉપસ્થિત રહ્યા**



ચમારડી, તા. ૩૧
બાબરા તાલુકાના ચમારડી ગામે આજરોજ ચમારડી ગામના પનોતાં પુત્ર ગરીબોના બેલી અને ઉદ્યોગપતિ ગોપાલભાઈ વસ્તરપરા અને તમેના ભાઈ ચમારડીના પૂર્વ સરપંચ જાદવભાઈ વસ્તરપરાના અધ્યક્ષ સ્થાને રાધે ફાર્મ હાઉસ ખાતે સરદાર વલ્લભભાઈ પટેલની ૧૪૮મી જન્મ જયંતિ પ્રસંગે નિમિત્તે લોહ પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ અને દુધાભિષેક ગોપાલભાઈ વસ્તરપરા અને જાદવભાઈ વસ્તરપરા દ્વારા કરવામાં આવ્યો હતો. સરદાર પટેલની જન્મ જયંતિ પર્વ નિમિત્તે ભામાશા ગોપાલભાઈ વસ્તરપરા દ્વારા રાજકીય નેતા અમરેલી જિલ્લા સાસંદ


અનુસંધાન પાના ૬ ઉપર


## નફાખોરો, સંગ્રહખોરો બેકાબુ બનતા કરોડો પરિવારો પરેશાન

# ગરીબો માટે કસ્તુરી સમાન ગણાતી ડુંગળીનાં ભાવોએ સૌ કોઈની આંખમાં આંસુ લાવી દીધા

## સરકારની નિષ્ક્રીયતાનો ભાગ લેભાગુ શખ્સો લઈ રહ્યાં છે



સાવરકુંડલા, તા. ૩૧
હવે શિયાળાનો પ્રારંભ થવાનો સમય આવી ગયો. શિયાળામાં ખાસ કરીને રીંગણાનો ઓળો અને અડદની દાળ અને બાજરાનો રોટલો ભોજન તરીકે આરોગવાનું ખાસ કરીને ગુજરાતના કાઠિયાવાડમાં તો ખૂબ ચલણ છે. દાળ અને રીંગણાનો ઓળો સાથે ડુંગળી ન હોય તો તે ઓળો અને


અનુસંધાન પાના ૬ ઉપર



SAMSUNG
વ્યાજબી ભાવ, સર્વોત્તમ સર્વીસ, ઉતમ પ્રોડકટ એજ અમારી ઓળખ !



0% વ્યાજદર
INSTANT CASHBACK OFFER
સરળ માસીક હપ્તે વસાવો
SERVICE SUPPORT | EXCHANGE OFFER | FREE INSTALLATION | EASY EMI AVAILABLE
BAJAJ FINSERV | HDFC BANK | HDB FINANCIAL SERVICES
અમરેલી જિલ્લાનો સૌથી વિશ્વસનીય અને પ્રતિષ્ઠિત શોરૂમ
**રામ એન્ટરપ્રાઈઝ**
હોટેલ અવધ પાસે, માર્કેટ યાર્ડ રોડ, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૭૪૨, મો. ૯૪૮૪૪ ૫૯૫૪૭



Krishna DINING HALL



**ક્રિષ્ના ડાઈનીંગ હોલ**
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
**રમેશભાઈ આર. શિંગાળા**
૯૮૨૫૫ ૪૬૯૦૨



**WE ARE HIRING !**

શ્રી અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત
**શ્રીમતી એસ.એચ. ગજેરા**
**જ્ઞાનશક્તિ રેસિડેન્શિયલ સ્કૂલ્સ ઓફ એક્સલન્સ**

**શૈક્ષણિક સ્ટાફ ભરતીની જાહેરાત**

| ક્રમ | વિષય | જગ્યાઓ | લાયકાત |
|---|---|---|---|
| 1 | ઇન્ચાર્જ પ્રિન્સિપાલ | 1 | શાળાકીય વિષયોમાં અનુસ્નાતક લાયકાત B.ED/M.ED એજ્યુકેશન ફિલ્ડમાં 8 વર્ષનો અનુભવ |
| 2 | ગણિત | 4 | B.sc, B.ed. and above |
| 3 | વિજ્ઞાન | 4 | B.sc, B.ed. and above |
| 4 | અંગ્રેજી | 4 | B.A., B.ed. and above |
| 5 | સામાજિક વિજ્ઞાન | 2 | B.A., B.ed. and above |
| 6 | હિન્દી/સંસ્કૃત | 2 | B.A., B.ed. and above |
| 7 | પી.ટી./આર્ટ | 2 | B.ped., C.ped. and above |
| 8 | કોમ્પ્યુટર | 2 | B.C.A. and above |
| 9 | ગુજરાતી | 2 | B.A., B.ed. and above |

TAT અને TET ક્લીયર થયેલા ઉમેદવારોને પ્રાથમિકતા આપવામાં આવશે. નિવૃત આચાર્ય, શિક્ષક પણ અરજી કરી શકશે

(1) સરકારી ધારાધોરણ મુજબ લાયકાત (2) અંગ્રેજી ભાષા પર સારો કમાન્ડ જરૂરી (3) લાયક ઉમેદવાર માટે આકર્ષક પગાર (4) શિક્ષકો માટે તાલીમ ફરજીયાત છે (5) કોમ્પ્યુટર અને ઇન્ટરનેટનું સારૂ જ્ઞાન જરૂરી (6) વિશિષ્ટ લાયકાત અને બહોળો અનુભવ ધરાવતા કેન્ડીડેટ ને રહેવા-જમવાની વ્યવસ્થા.

તમારી અરજી સંબંધિત તમામ શૈક્ષણિક દસ્તાવેજો અને તાજેતરના પાસપોર્ટ સાઈઝના ફોટા સાથે ઇમેલ vidyasabhaofficial@gmail.com પર મોકલો અથવા વોટ્સએપ પર મોકલવા અથવા રૂબરૂ બાયોડેટા સાથે સોમ થી શનિ ૧૦ થી ૧૨ કલાકે હાજર રહેવું.

APPLY NOW
94262 35335
vidyasabhaofficial@gmail.com
વિદ્યાસભા કેમ્પસ, લાઠી રોડ, અમરેલી - (૦૨૭૯૨) ૨૩૦૫૧૧/૬૧૧....૮૧૧



**ખુબ-ખુબ અભિનંદન સહ શુભેચ્છાઓ**



**શ્રી કમલેશ ગરણીયા**
પ્રમુખશ્રી : અમરેલી જિલ્લા યુવા આહીર સમાજ

**મિત્ર શ્રી કમલેશ ગરણીયાની અમરેલી જિલ્લા યુવા આહીર સમાજના પ્રમુખ તરીકે વરણી**

દરેક જ્ઞાતિ, સમાજ, ધર્મ કે પક્ષમાં બહોળુ મિત્રવર્તુળ ધરાવતો કમલેશ, અમરેલી જિલ્લાના લોકો માટે સતત કંઈક સકારાત્મક કરતું રહેવાની વૃત્તિ અને કોઈની પણ મુશ્કેલીમાં સાથ આપનાર આપવાના સ્વભાવના કારણે સૌનો પ્રિય રહ્યો છે અને તેથી જ આજે એ બહુજ નાની ઉંમરમાં અમરેલી ચેમ્બર ઓફ કોમર્સનો ઉપપ્રમુખ, અમરેલી નાગરિક બેંકનો ડિરેક્ટર, અનુકંપા સેવાકીય ટ્રસ્ટનો ટ્રસ્ટી, રેડક્રોસ સોસાયટીનો કમિટી મેમ્બર, લાયન્સ કલબનો ચેરપર્સન અને એવા તો કેટલાય હોદ્દાઓ અને પદોની જવાબદારીઓનું વહન કરી રહ્યો છે...

અમરેલી જિલ્લા યુવા આહીર સમાજના પ્રમુખ બનવા બદલ
ખુબ ખુબ અભિનંદન સહ શુભેચ્છાઓ...
મિત્ર.... કમલેશ ગરણીયા... અમોને આપ પર ગર્વ છે....
ભગવાન શ્રી દ્વારકાધીશ આપને ખુબ ખુબ પ્રગતિ, યશ, કીર્તિ અને સ્વાસ્થ્ય આપે એવી પ્રાર્થના... જય દ્વારકાધીશ....

: શુભેચ્છક :

તુષાર જોષી | વિક્રમભાઈ આહીર (PSI-સુરત)
વિરલ કલકાણી | ગૌતમભાઈ બંધિયા
નાથુભાઈ ધાધલ | હિરેનભાઈ જોશી
અમિતભાઈ ધાધલ | રાજદીપભાઈ ધાધલ
યતીન મજીઠિયા

### એસપીની સુચનાથી ક્રાઈમ બ્રાન્ચની કામગીરી

# મોટી કુંકાવાવમાં જુગાર રમતા ૩ પત્તાપ્રેમી ઝડપાયા : અર્ધો ડઝન નાસી ગયા

### રૂપિયા ૫૮,૪૦૦નો મુદ્દામાલ કબ્જે થયો




અમરેલી, તા. ૩૧

અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ.એમ. પટેલની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમ તા. ૩૦ના રોજ વડીયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હોય. તે દરમ્યાન બાતમીના આધારે મોટી કુંકાવાવ ગામની સીમાડાની સીમ તરીકે ઓળખાતા વિસ્તારમાં જાહેરમાં પૈસા પાનાથી હારજીતનો જુગાર રમતા ત્રણ ઈસમો રામકુભાઈ ગભરૂભાઈ જેબલીયા, રહે. મોટી કુંકાવાવ, પ્રફુલભાઈ વિઠ્ઠલભાઈ ડોબરીયા, રહે. બગસરા તથા મુકેશભાઈ નાનજીભાઈ તલસાણીયા, રહે. વિસાવદર, (જિ. જુનાગઢ)ને રોકડ રકમ રોકડા રૂા. ૫૮,૪૦૦ તથા જુગારના સાહિત્ય સાથે પકડી પાડી તથા ભરત ઉર્ફે લાલો શાંતીલાલ વિરાણી રહે. મોટી કુંકાવાવ, નિકુંજ ઉર્ફે ભાણો પાટડીયા રહે. મોટી કુંકાવાવ, નિરવ વિજયભાઈ જોષી રહે. અમરેલી, ભનુભાઈ પાતાભાઈ દેસાઈ, રહે. ચિતલ, રાજેશભાઈ કાનજીભાઈ પાટડીયા રહે. હસનાપુર, (તા. વિસાવદર) તથા ગોવિંદભાઈ સંજયભાઈ ઉર્ફે ભાકાભાઈ જયસ્વાલ રહે. મોટી કુંકાવાવ સહિત છ ઈસમો રેઈડ દરમિયાન નાશી ગયેલ હોય. જે તમામ ઈસમો સામે જુગારધારા મુજબ ધોરણરાર કાર્યવાહી કરી, પકડાયેલ આરોપીઓ તથા મુદ્દામાલ વડીયા પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે અને નાશી ગયેલ આરોપીઓને પકડી પાડવા તજવીજ હાથ ધરવામાં આવેલ છે.

### પરપ્રાંતિય શ્રમિકો ગ્રામ્ય વિસ્તારમાંથી કપાસ ભરી પરત ફરતા હતા

# અમરેલી જિલ્લાની સરહદે આવેલ ફિફાદ અને ગારિયાધાર માર્ગ ઉપર ટ્રક પલ્ટી જતાં ૩ શ્રમિકોના કમકમાટીભર્યા મોત

### સ્થાનિક પોલીસ અને ૧૦૮ની ટીમ ઘટના સ્થળે દોડી ગઈ





અમરેલી, તા. ૩૧

મુળ બિહારના વતની અને હાલ વિશ્વાસ જીનિંગ ગારીયાધારમાં મજુરી કામ કરતાં પવનભાઈ ચલીતભાઈ કામત ૪૦ વર્ષિય યુવક તથા ઈંદલકુમાર તથા મોહન તથા નવલ તથા મિથિલેશ તથા બિકી તથા ટ્રક ડ્રાઈવર ઈરફાનભાઈ અબ્દુલભાઈ અબડા એ રીતેના બધા ગત તારીખ૩૦ ના રોજ સવારના આશરે છ એક વાગ્યે ગામડામાં કપાસ ભરવા માટે ગયેલ હતા અને ગાડી નંબર જીજે–૦૪ ડબલ્યુ ૯૧૦૫ના ડ્રાઈવર ઈરફાનભાઈ અબ્દુલભાઈ અબડા ચલાવતા હતા, અને બધા શ્રમિકો ગાડીમાં કપાસ ભરી ફિફાદથી ગારીયાધાર તરફ આવતા હતા તે દરમ્યાન બપોરના અઢી વાગ્યાના અરસામાં ફિફાદ અને ગારીયાધાર વચ્ચે મહેરામણના બેઠા પુલ પાસે આવતા બેઠા પુલમાં ગાડી ઝમ્પ કરતા ગાડીનો પાટો તુટી જવાથી ડ્રાઈવરે ગાડીનો સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી દેતા ગાડી એક તરફ ઘુંટાઈ જતા ગાડી પલટી ખાઈ ગયેલ અને આડી પડી જતા આ ગાડીમાં ઉપર બેસેલ મજુરો જેમાં (૧) ઈંદલકુમાર (૨) મોહન તથા નવલ અને અંદર કેબિનમાં મિથિલેશ તથા બિકી અને ડ્રાઈવર ઈરફાનભાઈ હતા અને ગાડી આડી પડી જતા ગાડીમાં કેબિન ઉપર બેસેલા ત્રણેય શ્રમિકો ગાડી નીચે દબાઈ ગયેલ હતા અને કેબિનમાં અંદર બેસેલ ચારેય વારા ફરતી બહાર નિકળી ગયેલ અને કેબિન ઉપર બેસેલા ત્રણેય શ્રમિકો ગાડી નીચે દબાઈ ગયેલ અને ગાડીનો કપાસ ઢોળાઈ ગયેલો આ વાહન અકસ્માત બાબતે બાઉદિનભાઈ તથા અકબરભાઈને ફોનથી જાણ કરતા તેઓ આવી ગયેલ અને ૧૦૮ ને કોઈએ જાણ કરતા ૧૦૮ તથા પોલીસ આવી ગયેલ અને તુરંત બે જે.સી.બી. મશીનથી ગાડી ઉભી કરી આ કપાસ તથા ગાડી નીચે દબાયેલા ત્રણેય માણસોને બહાર કાઢતા તેઓ કાંઈ બોલતા ચાલતા ન હતા અને તેઓ પ્રાથમિક દ્રષ્ટિએ મરણ ગયેલ હોવાનું જણાતુ હતુ અને ત્યાર બાદ ઈજાગ્રસ્તોને ગારીયાધાર હોસ્પિટલમાં સારવારમાં માટે દાખલ કરેલ ગાડી નીચે દબાયેલ ઉપર ત્રણેય વ્યક્તિને ડોકટરએ મૃત જાહેર કરેલ હતાં.

### સંસ્થાનાં વિશાળ પરીસરમાં ભવિષ્યમાં ૧૦ હજાર બળદોને પ્રવેશ અપાશે

# રાજકોટ : કોઈને બીમાર, નિરાધાર બળદ મળે તો સદ્ભાવનાં આશ્રમનો સંપર્ક કરવા જણાવાયું

### હાલમાં સદ્ભાવનાં બળદ આશ્રમમાં ૧૫૦૦ બળદોને આશ્રય મળી રહ્યો છે





રાજકોટ, તા. ૩૧

રાજકોટના સદભાવનાં બળદ આશ્રમ દ્વારા બળદોની જીંદગી બચાવવા અપીલ કરવામાં આવી છે. બળદનો ઉપયોગ ખેતીવાડીમાં કરી શકાય છે. તેઓ સ્વભાવે શાંત, કામગરા હોય છે. પ્રાચીન કાળમાં પણ જયારે સાધનોની શોધ થઈ નહોતી, ત્યારે મુસાફરી કરવા તેમજ માલસામાનની હેરફેર કરવા માટે બળદગાડાનો જ ઉપયોગ કરવામાં આવતો હતો. આમ તો બળદ આપણી સંસ્કૃતિનો વારસો કહેવાય. ઈશ્વરની આવી દુલર્ભ દન ગૌ વંશ બળદને સદભાવનાં વૃધ્ધાશ્રમ જીવનભરનો આશ્રય આપશે. ગુજરાતનાં કોઈપણ ગામ, શહેર, હાઈ–વે પર બળદ છુટા, રખડતા, લાચાર, બીમાર કે વયોવૃધ્ધ અવસ્થામાં, અનાથ, નિરાધાર જોવા મળે તો તરત જ સદભાવનાં વૃધ્ધાશ્રમને જાણ કરવા વિનંતી કરવામાં આવી છે. કોઈ નિરાધાર, નિરાશ્રીત, બીમાર કે રસ્તે રખડતા, કતલખાને જતાં કે ભૂખ – તરસ, બિમારીથી કમોતે મરતા ભવિષ્યમાં ૧૦,૦૦૦ જેટલા બળદોને સદભાવનાં વૃધ્ધાશ્રમ (રાજકોટ) દ્વારા નિઃશૂલ્ક, આજીવન, આશરો આપવામાં આવશે. હાલમાં પણ ૧૫૦૦ જેટલા બળદોને સદભાવનાં બળદ આશ્રમ ખાતે આશરો અપાયો છે. જો કોઈ વ્યકિતને આવા કોઈ નિરાધાર બળદ દેખાય તો સંસ્થા દ્વારા ફોન કરીને જાણ કરવાની વિનંતી કરવામાં આવી છે. સદભાવનાં બળદ આશ્રમ, કાલાવડ રોડ, ખીરસરા અને દેવગામની ધાર, ગુફેશ્વર મહાદેવનું મંદિર, ભૂમિ એગ્રોની પાછળ, રાજકોટ ખાતે કાર્યરત છે. આપને જો કોઈ નિરાધાર, રસ્તે રઝળતા, બળદો મળે તો સદભાવનાં બળદ આશ્રમ ટ્રસ્ટ મો.૮૫૩૦૪ ૩૦૦૯૬ પર ફોન કરીને જાણ કરવા યાદીમાં જણાવાયું છે.

### ઉપપ્રમુખે તાલુકા વિકાસ અધિકારીને પત્ર પાઠવ્યો

# લીલીયા તાલુકા પંચાયતમાં પ્રમુખ અને ઉપપ્રમુખની ચેમ્બર અલગ ન કરો

### વર્ષોની પરંપરાની અમલવારી શરૂ રાખવા રજુઆત

અમરેલી, તા. ૩૧

લીલીયા તાલુકા પંચાયતના ઉપપ્રમુખે ડી.ડી.ઓ. ને પત્ર પાઠવ્યો છે. અને પત્રમાં જણાવેલ છે. કે પ્રખુખશ્રી દ્વારા ચેમ્બરમાં અલગ કરવાની હોય તેમાં મહિલા પ્રમુખ હોય અને પુરૂષ ઉપપ્રમુખ હોય તો મહિલા પ્રમુખને પુરૂષ ઉપપ્રમુખ સાથે ચેમ્બરમાં બેસવામાં અને કામ કરવામાં તકલીફ પડતી હોય તો પહેલા તેમણે પ્રમુખપદ માટે દાવેદારી ન કરવી જોઈએ ` અને જયારે અરજદારો પ્રમુખની મુલાકાતે આવે તેમાં પુરૂષો, સ્ત્રીઓ અને બાળકો પણ હોય છે. જયારે કાલે સવારે પુરૂષ અરજદારોને પણ પ્રમુખ એમ કહી શકે કે હું સ્ત્રી છું જેથી તમને ના મળી શકું, જેથી પ્રમુખપદ ની ગરીમા જળવાય છે નહિ અને તો હાલ સરકાર ૩૩% અનામત મહિલાઓને આપવામાં આવે છે. અને સ્ત્રીને પુરૂષ સમોવડી ગણવામાં આવે ત્યારે લીલીયા તાલુકા પંચાયતના મહિલા પ્રમુખ જાહેર જીવનમાં હોવા છતાં આ રીતે કહીને મહિલાઓનું અપમાન કરી રહયાં છે. તો તેમણે સ્વૈછાએ રાજીનામુ આપી દેવું જોઈએ. આ તાલુકામાં વર્ષોથી પ્રમુખ અને ઉપપ્રમુખ એક સાથે ચેમ્બરમાં બેસતા હોય કોઈ મહિલા પ્રમુખને આવી તકલીફ થયેલ નથી. તો ચેમ્બર અલગ ન કરી આપવા તાલુકા પંચાયતનાં ઉપપ્રમુખ જગદીશભાઈ રામભાઈ દેથળીયાએ ડી.ડી.ઓ.ને પણ પત્ર પાઠવીને રજુઆત કરેલ છે.

# અમરેલી ખાતે કેશવ કો. મંડળી દ્વારા સરદાર પટેલને પુષ્પાહાર કરાયા




અમરેલી, તા. ૩૧

ભારતના પનોતા પુત્ર સરદાર પટેલના ૧૪૮ મો જન્મ જયંતીની ઉજવણી કેશવ કો–ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી. જૂનાગઢની અમરેલી શાખામા કરવામા આવી. પ્રારંભમા પરમ રાષ્ટ્ર ભક્ત સરદારની તસવીરને ફૂલહાર પહેરાવી ઉપસ્થિત સહુએ ભાવવંદના કરી. શાખા સંયોજક કનુભાઈ કરકર, મનોજભાઈ દવે, મહેન્દ્રભાઈ જોષી, શાખા મેનેજર નિમ્બાર્ક હાર્દિકભાઈ, કલાર્ક રાઠોડ નિખીલભાઈ, કલાર્ક કમ સહાયક જેઠવા કવિતભાઈ વગેરેએ શ્રદ્ધાંજલી અર્પણ કરેલ. ઉપસ્થિત મહાનુભાવોએ સરદારની રાષ્ટ્ર ભક્તિના વિવિધ પ્રસંગોની વિસ્તૃત છણાવટ કરી. આવકાર અને આભારદર્શન મંડળીના મેનેજરે પોતાની આગવી શૈલીમા કર્યા.

### વિજપડીના પૂર્વ સરપંચનો વેધક પ્રશ્ન

# ગ્રામ્ય વિસ્તારનાં દરેક સરકારી કર્મચારીઓ હેડ કવાર્ટરમા રહેતા નથી

### ગ્રામ્ય જનતાનાં હિતમાં કાર્યવાહી કરવા જણાવ્યું

સાવરકુંડલા, તા. ૩૧

સાવરકુંડલા તાલુકા સહીત સમગ્ર જિલ્લામાં '' દરેક ગામડાની અંદર તમામ કર્મચારીઓ હેડકર્વાટરમાં જ રહેશે'' તેવી ખાત્રી કે વચન કોઈપણ રાજકીય પક્ષનાં, કોઈપણ ઉમેદવાર કેમ આપતાં નથી? તેવો સવાલ વિજપડીનાં પૂર્વ સરપંચ યાકુબ રસતિયાએ ઉઠાવેલ છે. તેમજ ગામડાઓનાં વિકાસની ગુલબાંગો ફેંકતા ઉમેદવારો આગામી ચુંટણીઓમાં કંઈક આ બાબતે ઉકાળશે કે પછી કેટલાક અપડાઉનીયા કર્મચારીઓ જીતાડી દેશે તેવી આશા છે?

વધુમાં જણાવેલ છે કે મંત્રીઓ, ગ્રામસેવકો, સહીત ગામડાનાં કર્મચારીઓ કયાં છે? શું કરે છે.? તો તે તપાસવા ઉપરી અધિકારીઓએ મોબાઈલ ફોન સહિત આધુનિક ટેકનોલોજીના સદ્ઉપયોગ કરવાની ખાસ જરૂર છે. જો અધિકારીઓ સક્રિય રહે તો ઓફિસમાં બેઠાબેઠા નિરિક્ષણ થઈ શકે તેમ છે. પરંતુ ઉચ્ચ અધિકારીઓની કડક ઈચ્છાશકિત અને કર્મચારીઓનાં અગ્રણી કે રાજકીય અગ્રણીઓ શેહ શરમ રાખ્યા વગર ફરજ બજાવે તો ગામડાઓનાં વિકાસલક્ષી પ્રશ્નોમાં વધુવેગ આવશે તેમ પૂર્વ સરપંચએ એક નિવેદનમાં જણાવેલ છે.

# બાબાપુરમાં ચાર દિવસીય રાષ્ટ્રીય એકતા બાલ શિબિરનો પ્રારંભ









તસ્વીર : હસમુખ રાવળ–બાબાપુર

શ્રી સર્વોદય સરસ્વતી મંદિર બાબાપુરમાં અમર શહીદ શ્રદ્ધેય પૂજય લાલજી ગુરૂજી તથા સ્વ.પૂજય બાલુકાકા તેમજ પૂજય દાદા ( ગુણવંતરાય પુરોહિત ) અને પૂજય મોટા બા ( શ્રીમતી હસુમતીબેન પુરોહિત )ની પાવન સ્મૃતિમાં રાષ્ટ્રીય એકતા શિબિરનો પ્રારંભ તા.૩૧/૧૦/૨૩ના રોજ કરવામાં આવ્યો. શિબિરની શરૂઆતમા સરગમ ગ્રુપ દ્વારા ગીત રજૂ કરી શિબિરના મુખ્ય મહેમાન શિક્ષણવિદ ડોકટર ભદ્રાયુભાઈ વચ્છરાજાની દ્વારા દીપ પ્રાગટય કરી શિબિરને ખુલ્લી મુકવામાં આવી. શિબિરમાં સંસ્થાના નિયામક મંદાકિનીબેન પુરોહિત તેમજ નીતિનભાઈ બોરાણીયા, મુકુંદભાઈ મહેતા, કાલી પ્રસાદભાઈ જોષી વગેરે મહેમાનો હાજર રહ્યા શિબિર ચાર દિવસિય હોય જુદા જુદા જૂથ જેવા કે રિવર ક્રોસિંગ, માટીકલા, ચિત્રકલા, વિજ્ઞાન અને ટેકનોલોજી, ગણિત વિજ્ઞાન, અંગ્રેજી ભાષા, જીવન કૌશલ્ય, વાર્તા કથન, રાયફલ શૂટિંગ, દેશભક્તિ ગીતો, ટેકનોલોજીનો ઉપયોગ. જેવા જૂથ કાર્ય કરવામાં આવશે સવારમાં વિદ્યાર્થીઓને યોગ પ્રાણાયામ સાંજે સમૂહ રમતો રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમમાં કરવામાં આવશે આજના ઉધ્ધાટન સમારોહમાં ડો,ભદ્રાયુંભાઈએ વિદ્યાર્થીઓને પોતાના સ્વ.અનુભવની વાતો સાથે વિદ્યાર્થીને જણાવ્યું કે શીખી શકાય તેવું કામ આવી શિબિરોમાં જ થતું હોય છે, પોતે અમુક રીતે જીવન જીવી શકાય તેવું શીખ્યો હોય તો આવી શિબિરોમાં જ શીખ્યાની વાત કરી તેમણે વિદ્યાર્થીઓને શિબિરનો સંદેશો આપતા જણાવ્યું કે ભાઈચારાની ભાવના કેળવો આપણે સૌ બધા એક છીએ જેવી પ્રેરક વાતો કરી શિબિરની રૂપરેખા સંસ્થાના મંત્રી મુકેશભાઈ રાજયગુરૂ દ્વારા આપવામાં આવી મહેમાન શાબ્દિક સ્વાગત શાળાના શિક્ષક હરગોવિંદભાઈ પંડયા દ્વારા કરવામાં આવ્યું, શિબિરમાં જુદી જુદી શાળાઓમાંથી કુલ ૪૬૫ જેટલા શિબિરાર્થીઓ જોડાયા. આજના કાર્યક્રમની આભાર વિધિ ચિત્તલ હાઈસ્કુલના આચાર્ય પંકજભાઈ ઉપાધ્યાય દ્વારા કરવામાં આવી.

## પ્રદેશ કોંગ્રેસ દ્વારા સરદાર પટેલની જન્મજયંતિ અને ઈન્દિરા ગાંધીનાં શહીદ દિને પુષ્પાંજલિ કાર્યક્રમ યોજાયો

# જાહેર સંસ્થાઓ અને કાર્યો સાથે સરદારનું નામ જોડવાનું કામ કોંગ્રેસ કર્યુ છે

**પ્રદેશ મહિલા કોંગ્રેસ દ્વારા મોટી સંખ્યામાં મહિલાઓએ રકતદાન કરીને સરદાર પટેલને વંદન કર્યા**

**સરદાર સરોવર ડેમ, સરદાર પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ, સ્પીપા, અમદાવાદનું સૌપ્રથમ કોર્પોરેશનને સરદારનાં નામ સાથે જોડાયું**

**કોંગ્રેસ પક્ષ અને સરદાર પટેલએ બન્ને એક જ પરિવારનો ભાગ છે તેને કોઈ જુદા ન કરી શકે**

**કાર્યક્રમમાં પ્રદેશ મહિલા કોંગ્રેસનાં પ્રમુખ જેનીબેન ઠુંમર સહિતનાં મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતાં**



અમદાવાદ, તા. ૩૧

લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૪૮મી જન્મ જયંતી અને પ્રિયદર્શીની ઈન્દિરા ગાંધીની ૩૯મા શહિદ દીન નિમિત્તે રાજીવ ગાંધી ભવન ખાતે મોટી સંખ્યામાં ઉપસ્થિત કાર્યકરો-આગેવાનોએ પુષ્પાંજલી અર્પણ કરીને નમન કર્યા હતા અને તેમના કાર્યોને યાદ કર્યા હતા. ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસ દ્વારા રકતદાન શિબિર યોજાઈ હતી. જેમાં પણ મોટી સંખ્યામાં કાર્યકરો-આગેવાનો અને ખાસ કરીને મહિલા કોંગ્રેસની બહેનોએ રકતદાન કરીને સેવા કાર્યમાં જોડાયા હતા.

ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના ઉપનેતા શૈલેષ પરમારે જણાવ્યું હતું કે, સમજાવવાનો કે પાછા પાડવાનો પ્રયત્ન કરતા હોય તેવા લોકોએ સમજવાની જરૂર છે કે આ સરદાર સાહેબના પથ ઉપર તેમના વિચારોથી એમના સિધ્ધાંતોને લઈને ચાલવાવાળો કોંગ્રેસનો કાર્યકર છે જે સંઘર્ષ કરીને દેશની એકતા, અખંડિતતા માટે કામ કરતો રહેશે. ખુબ અફવાઓ અને ખોટો પ્રચાર કરવામાં આવ્યો. કોંગ્રેસની ગુજરાતની વાત કરીએ કે ગુજરાતની જેટલી જાહેર સંસ્થાઓ છે, જેટલા જાહેર કાર્યો છે એ મોટા ભાગની જાહેર સંસ્થાઓ અને કાર્યો સાથે સરદાર સાહેબનું નામ જોડવાનું કામ એક માત્ર કોંગ્રેસ પક્ષે કર્યુ છે. સરદાર સરોવર ડેમ હોય, અમદાવાદનું સરદાર પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ હોય કે આપણુ વિધાનસભાનું સચિવાલય, કે પાલડીનો બ્રીજ હોય, અમદાવાદનુ પહેલુ કોર્પોરેશન ભવન, સ્પીપા હોય કે એવા અનેક કાર્યો આપણે ગણાવી શકીએ કે જે કોંગ્રેસના શાસનકાળમાં ખુબ ઉપયોગી કાર્યો-સંસ્થાઓ બની અને તમામે તમામ કાર્યોને સરદાર સાહેબના નામ સાથે જોડી તેમનું જે વિરાટ નેતૃત્વ હતુ તેને અમર બનાવવાનું કામ પણ કોંગ્રેસ પક્ષે કર્યુ છે. કોંગ્રેસ પાર્ટી અને સરદાર સાહેબ એ બન્ને એક પરિવારનો ભાગ છે. એટલે એને કોઈ અલગ કરી ના શકે અને કોઈ ગમે તેટલો પ્રયત્ન કરે ભાજપના નેતાઓ ગમે તેટલા ભાષણો કરે કે ગમે તેટલુ પોતાની જાતને સરદાર સાહેબની સરખામણી કરવાનો પ્રયત્ન કરે પણ સરદાર સાહેબની કયારેય સરખામણી હોય જ નહી. સરદાર સાહેબને કોંગ્રેસમાંથી કયારેય અલગ પાડી પણ નહી શકે, એ સંદેશ આપણે આજના દિવસે આ ગુજરાતના જન જન સુધી પહોંચાડવાનો છે.

સ્વ. ઈન્દિરાજીનું નેતૃત્વ કે જેમણે ખાલી સત્તા માટે નહી પણ પ્રજા માટે શાસન કર્યુ. ગરીબી હટાવોની વાત હોય, બેંકોનું રાષ્ટ્રીયકરણ કરવાની વાત હોય કે પાકિસ્તાનના બે ટુકડા કરવાની વાત હોય એમના શાસનકાળમાં જે જે નિર્ણયો થયા, જે જે કાયદા-કાનુન બન્યા એના કારણે આજે પણ દેશ અને વિ એમને યાદ કરે છે. એટલુ જ નહી પણ આજના સમયના પરિપેક્ષમાં જોઈએ જેમ ઈન્દિરાજીએ રજવાડાઓના સાલીયાણાઓ બંધ કર્યા અને એ જે રકમો હતી તે સરકારી ખજાનામાં ગરીબો માટે ખુલ્લો મુકયો. આજે ભાજપની સરકાર પાછા રજવાડાઓ ઉભા કરવા જઈ રહ્યાં છે. આજે રજવાડાઓ ન રહ્યા પણ અદાણી અને અંબાનીના નામે રજવાડાઓ ઉભા થઈ રહ્યાં છે. કોંગ્રેસના શાસનમાં અમીરો પાસેથી પૈસા લઈ ગરીબો સુધી પહોંચાડયા અને આજે ભાજપનું શાસન છે કે ગરીબો પાસેથી પૈસા લઈ અમીરોને પહોંચાડવાનું કામ કરે છે. શાસન વચ્ચેનું ફરક પણ આપણે લોકો વચ્ચે લઈ જવુ પડશે. લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ અને પ્રિયદર્શની ઈન્દિરા ગાંધીની શહિદ દીન નિમિત્તે યોજાયેલ કાર્યક્રમમાં ગુજરાત પ્રદેશ કાર્યકારી પ્રમુખ હિંમતસિંહ પટેલ, ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખ પંકજ શાહ, મહામંત્રી બળદેવભાઈ લુણી, રાજુભાઈ બ્રહ્મભટ્ટ, ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસના પ્રમુખ જેનીબેન ઠુમ્મર, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવકતા ડો. મનિષ દોશી, ખુરશીદ સૈયદ, અશોક પંજાબી, સી.એમ. રાજપુત, યોગેશ મૈત્રક, નિકુંજ બલર, પંકજ ચાંપાનેરી, અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન કોંગ્રેસ પક્ષના નેતા શેહઝાદખાન પઠાણ, કોર્પોરેટર હાજીભાઈ મિરઝા, ઈમ્તિયાઝ શેખ, સેવાદળના પ્રદેશ અધ્યક્ષ વિજયભાઈ પટેલ, કિરણભાઈ પ્રજાપતિ, શહેર મહિલા પ્રમુખ કામિનીબેન સોની, શહેર સેવાદળના વિરમ દેસાઈ સહિત મોટી સંખ્યામાં કાર્યકરો-આગેવાનો ઉપસ્થિત રહી પુષ્પાંજલી અર્પણ કરીને બન્ને મહાનુભાવના રાષ્ટ્રિય યોગદાનને યાદ કર્યુ હતુ.

## ૩ ની ગાંસડીઓ સહિતનો સામાન બળી ગયો

# દામનગર ખાતે સજાવટ મેટ્રેસ નામની દુકાનમાં રૂ કાંતવાના મશીનમાં શોર્ટ સરકીટ

**રૂપિયા ર લાખનો કિંમતી સામાન ખાખ થયો**

અમરેલી, તા. ૩૧

દામનગર ગામે અમ્મારભાઈ બીલાલભાઈ અજમેરીની સજાવટ મેટ્રેસ નામની દુકાનમાં રૂ કાંતવાનાં ઈલેકટ્રીક મશીનની ઈલેકટ્રીક મોટરમાં શોર્ટ સર્કિટ થવાથી દુકાનમાં રાખેલ રૂ ભરેલા ગાદલા, તકીયાઓ, કાપડના પડદાઓ, રજાઈ, ગાદલા-તકીયાના કાપડના કવર એક ઈલેકટ્રીક સીલાઈ મશીન, આશરે ૪૦ ૪૦ કિલોની ચાર રૂ ની ગાંસડીઓ, દુકાનનું લાઈટીંગ મળીને આશરે રૂપિયા ૨,૦૦,૦૦૦ની કિંમતની ચીજવસ્તુઓ આગમાં બળીને નુકશાન થયા અંગેની જાહેરાત પોલીસમાં થયેલ છે.


































### દિલ્હી અને પંજાબમાં લિકર કૌભાંડ મામલે ઈડીની કાર્યવાહી

# લિકર કૌભાંડ મામલે ઈડીના આપના ધારાસભ્યના ઘરે દરોડા

### ધારાસભ્ય કુલવંત સિંહનાપંજાબના મોહાલીમાં આ કાર્યવાહી હાથ ધરાઈ

નવી દિલ્હી, તા.૩૧

દિલ્હી અને પંજાબમાં લિકર કૌભાંડ મામલે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)એ આમ આદમી પાર્ટી (આપ)ના ધારાસભ્યના ઘરે દરોડા પાડ્યા છે. સુત્રોમાંથી કહેવામાં આવી રહ્યું છે કે આ કાર્યવાહી મોહાલીમાં ચાલી રહી છે.

દિલ્હી અને પંજાબમાં લિકર કૌભાંડ મામલે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)એ ફરીએકવાર કાર્યવાહી કરતા આમ આદમી પાર્ટી (આપ)ના ધારાસભ્ય કુલવંત સિંહના ઘરે દરોડા પાડ્યા છે. સુત્રોમાંથી મળતી માહિતી મુજબ હાલ આ કાર્યવાહી પંજાબના મોહાલીમાં ચાલી રહી છે.

આ અગાઉ દિલ્હી લિકર પોલિસી કૌભાંડ સાથે સંકળાયેલ મામલામાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને સમન્સ મોકલ્યું હતું અને ઈડીએ મુખ્યમંત્રીને ૨ નવેમ્બરે પૂછપરછ માટે બોલાવ્યા છે. આ અગાઉ સીબીઆઈએ એપ્રિલમાં કેજરીવાલની પુછપરછ કરી હતી.

આ બાદ આમ આદમી પાર્ટીના સત્તાવાર ટ્વિટર હેન્ડર પરથી ટ્વિટ કરાયું હતું કે, કેન્દ્ર સરકારનો ઉદ્દેશ્ય આમ આદમી પાર્ટીને ખતમ કરવાનો છે. કેન્દ્ર સરકાર નકલી કેસ બનાવી મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને જેલમાં બંધ કરવા માંગે છે. તો બીજીતરફ દિલ્હીના મંત્રી સૌરભ ભારદ્વાજે કહ્યું કે, કેન્દ્ર સરકારની ઈડીએ કેજરીવાલને ૨ નવેમ્બરે બોલાવ્યા છે. સ્પષ્ટ જોવા મળી રહ્યું છે કે, ભાજપ કોઈપણ ભોગે આપને ખતમ કરવા માંગે છે. તેઓ નકલી કેસમાં અરવિંદ કેજરીવાલની ધરપકડ અને આપને ખતમ કરવા માંગે છે.

૨૦૨૧ની ૨૨મી માર્ચે મનીષ સિસોદિયા એ નવી લિકર પોલિસીની જાહેરાત કરી હતી. ૧૭ નવેમ્બર-૨૦૨૧ના રોજ નવી લિકર પોલિસી એટલે એક્સાઈઝ પોલિસી ૨૦૨૧-૨૨ લાગુ કરવામાં આવી. નવી લિકર પોલિસી આવ્યા બાદ સરકાર કારોબારમાંથી બહાર નીકળી ગઈ અને તમામ દારુની દુકાનો ખાનગી હાથોમાં જતી રહી. નવી લિકર પોલિસી લાવવા પાછળનો સરકારનો હેતુ હતો કે, આમ કરવાથી માફિયા રાજ ખતમ થઈ જશે અને સરકારની આવકમાં વધારો થશે. જોકે નવી પોલિસીનો અમલ થતા જ વિવાદો પણ શરૂ થઈ ગયા. વિવાદ વધતા સરકારે ૨૮ જુલાઈ ૨૦૨૨માં નવી લિકર પોલિસી રદ કરી જૂની પોલિસી લાગી કરી દીધી....

### આધુનિક યુગમાં પર્સનલ ડેટા સોના કરતા પણ વધુ કિંમતી

# ડાર્ક વેબ પર ૮૧.૫ કરોડ ભારતીયોના આધાર ડેટા લિક થયા

નવી દિલ્હી, તા.૩૧

આજના આ આધુનિક સમયમાં પર્સનલ ડેટા સોના કરતા પણ વધુ કિંમતી માનવામાં આવે છે. એવામાં અમેરિકાએ રજૂ કરેલ એક અહેવાલ ભારત માટે ચિંતાજનક છે.

અમેરિકાના એક સાયબર સુરક્ષા ફર્મએ એવો દાવો કર્યો છે કે, લગભગ ૮૧.૫ કરોડ ભારતીયોનો પર્સનલ ડેટા ડાર્ક વેબ પર લીક થયો છે. એવો દાવો કરવામાં આવે છે કે આ ડેટા નામ, ફોન નંબર, એડ્રેસ, આધાર કાર્ડ અને પાસપોર્ટની જાણકારી સહિત ડેટાની ઓનલાઈન વહેંચણી માટે લીક કરવામાં આવ્યો છે. આ અહેવાલ અનુસાર, ડાર્ક વેબની આડીદ્વારા એક વ્યક્તિએ બ્રીચ ફર્મ પર એક થ્રેડ પોસ્ટ રજૂ કરી ૮૧.૫ કરોડ ભારતીયોના આધાર અને પાસપોર્ટના ડેટાને વહેંચવાની ઓફર કરી હતી.

આ અહેવાલમાં તો એવો પણ દાવો કરવામાં આવ્યો છે કે, હન્ટર (હ્યુમિન્ટ) યુનિટના તપાસકર્તાઓએ ધમકી આપનાર વ્યક્તિ સાથે સંપર્ક કર્યો હતો. જેમાં માહિતી સામે આવી છે કે, ભારતીય આધાર કાર્ડ અને પાસપોર્ટના ડેટાબેઝને ૮૦,૦૦૦ ડોલરમાં વેચાયો છે.

સુત્રો પરથી મળતી માહિતી અનુસાર, હાલ સેન્ટ્રલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઈ) દ્વારા આ હેકરની શોધ ચાલી રહી છે. અમૂક એવા અહેવાલો સામે આવ્યા છે કે, લીક થયેલ ડેટાબેઝ આઈસીએમઆરસાથે સંબંધિત હોઈ શકે છે. એક ટ્વીટર યુઝરે તો એવો પણ દાવો કર્યો કે, એક અજાણ હેકર દ્વારા ૮૦ કરોડથી વધુ ભારતીયોના કોવીડ-૧૯ના ડેટાબેઝને લીક કર્યો છે.

આ ભારતમાં સૌથી મોટો ડેટા લીક થયાનો મામલો છે. લીક થયેલા દેતામાં નામ,પિતાનું નામ, ફોન નંબર, પાસપોર્ટ નંબર, આધાર નંબર, વ્યક્તિની ઉંમરની સમાવેશ થાય છે. અગાઉ જૂનમાં પણ એવી વાતો સામે આવી હતી કે, કોવિનવેબસાઈટ પરથી વીવીઆઈપીસહિત વેક્સિન લીધેલ વ્યક્તિના પર્સનલ ડેટા ટેલિગ્રામ ચેનલમાં લીક થયાની માહિતી બાદ સરકારે ડેટા ભંગની તપાસનો આદેશ રજૂ કર્યો હતો.

### વિપક્ષી નેતાઓએ કેન્દ્ર સરકાર પર એપલ હેકિંગનો દાવો કર્યો

# એપલ હેકિંગ કેસની તપાસના કેન્દ્રએ આદેશ આપ્યા છે : વૈષ્ણવ

### વિપક્ષી નેતાઓએ કેન્દ્ર સરકાર પર તેમના ફોન અને ઈમેલ હેક કરવાનો આરોપ લગાવ્યો હતો અને એપલ દ્વારા મળેલા ચેતવણી સંદેશને શેર કરીને સરકારની ટીકા કરી

નવી દિલ્હી, તા.૩૧

વિપક્ષી નેતાઓએ કેન્દ્ર સરકાર પર એપલ હેકિંગનો દાવો કર્યો હતો ત્યારે કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે આ દાવાઓને ફગાવી દઈને જવાબ આપતા કહ્યું કે કેન્દ્ર સરકારે એપલ હેકિંગ કેસની તપાસના આદેશ આપવામાં આવ્યા છે.

વિપક્ષી નેતાઓએ કેન્દ્ર સરકાર પર તેમના ફોન અને ઈમેલ હેક કરવાનો આરોપ લગાવ્યો હતો અને એપલદ્વારા મળેલા ચેતવણી સંદેશને શેર કરીને સરકારની ટીકા કરી હતી, ત્યારે હવે કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જવાબ આપતા કહ્યું કે વિપક્ષ પાસે કોઈ મુદ્દો ન હોય ત્યારે તેઓ સરકાર પર આવા હેકિંગના આરોપ લગાવે છે.

અશ્વિની વૈષ્ણવે કહ્યું હતું કે અમારા કેટલાક ટીકાકારો છે જે હંમેશા ખોટા આરોપો લગાવે છે. તેઓ દેશની પ્રગતિ ઈચ્છતા નથી. તેમણે વધુમાં કહ્યું કે એપલે ૧૫૦ દેશોમાં એડવાઈઝરી જાહેર કરી છે એપલે અનુમાનના આધારે મેસેજ મોકલ્યો છે અને કંપનીએ તેની સ્પષ્ટતા જાહેર કરી છે. આ ઉપરાંત તેમણે કહ્યું હતું કે આ મામલે સરકારે તપાસના આદેશ આપવામાં આવ્યા છે.

વિપક્ષના કેટલાક નેતાઓએ ફોન અને ઈમેલ હેક કરવાનો આરોપ લગાવ્યો હતો.

સાંસદ મહુઆ મોઈત્રા, શિવસેના (ઉદ્ધવ જૂથ)ના નેતા પ્રિયંકા ચતુર્વેદી અને કોંગ્રેસ નેતા શશી થરૂર અને પવન ખેડા સહિતના કેટલાક વિપક્ષી નેતાઓએ એપલ દ્વારા એક એલર્ટનો ફોટો શેર કર્યો હતો અને કહ્યું હતું કે આ એલર્ટમાં એવી ચેતવણી આપવામાં આવી છે કે સરકાર તેમના ફોન અને ઈમેલને હેક કરવાની કોશિશ કરી રહી છે.

### નવી જગ્યાએ પહોંચવા માટે ગૂગલ મેપ્સ ઉપયોગી

# યુઝર્સ હવે ઓફલાઈન મેપનો ઉપયોગ કરી શકશે

નવી દિલ્હી, તા.૩૧

ગૂગલ મેપ્સ કોઈ નવી જગ્યાએ પહોંચવું હોય કે લાઈવ ટ્રાફિક સ્ટેટસ જોવું હોય કે પછી કોઈની સાથે તમારું લોકેશન શેર કરવું હોય આ બધું મેપ પર શક્ય છે. આજે તમને એક ખાસ ફીચર વિશે જણાવવા જઈ રહ્યા છીએ, જેના પછી યુઝર્સ ઓફલાઈન મેપનો ઉપયોગ કરી શકશે. આનાથી માત્ર ઈન્ટરનેટ ડેટાની બચત થશે નહીં પરંતુ બેટરી લાઈફ પણ જળવાઈ રહેશે. તો જાણીએ કે કઈ રીતે ઓફલાઈન મેપનો ઉપયોગ કરી શકાય.ગૂગલ મેપ્સમાં એક સુવિધા ઉપલબ્ધ છે, જેનો ઉપયોગ ઑફલાઈન મોડમાં કરી શકાય છે. તેની મદદથી યુઝર્સ રસ્તાઓ જોઈ શકે છે અને તેમના ડેસ્ટીનેશન સુધી પહોંચી શકે છે. આ સુવિધા એવા વિસ્તારોમાં પણ ઉપયોગી સાબિત થશે જે રિમોટ એરિયામાં સ્થિત છે અથવા જ્યાં સારી મોબાઈલ નેટવર્ક કનેક્ટિવિટી નથી. એક નોંધનીય બાબત એ છે કે તમે વાઈફાઈ કનેક્ટિવિટી હોવા પર ઑફલાઈન નકશા ડાઉનલોડ કરી શકો છો.એન્ડ્રોઈડ ફોનમાં ગૂગલ મેપ્સ ખોલો. આ પછી, ઉપર જમણી બાજુએ પ્રોફાઈલ ફોટો આઈકોન પર ક્લિક કરો. આ પછી એક નવી પોપઅપ વિન્ડો ખુલશે, જેમાં ઓફ લાઈનનો વિકલ્પ આપવામાં આવ્યો છે. ઑફલાઈન મેપ્સ પર ક્લિક કરો. આ પછી, યુઝર્સને સિલેક્ટ યોર ઓન મેપનો વિકલ્પ મળશે, તેના પર ક્લિક કરીને તમે તમારી પસંદગીના સ્થાનના મેપ્સ ડાઉનલોડ કરી શકો છો. યુઝરે બને તો વાઈફાઈકનેક્ટિવિટી પર હોય ત્યારે ઑફલાઈન મેપ્સ ડાઉનલોડ કરવા જોઈએ. જેથી યુઝારનો મોબાઈલ ડેટા પણ બચે છે. ગૂગલ મેપ્સના ફાયદા તો ઘણા છે પરંતુ તેની કેટલીક ખામીઓ પણ જોઈએ. ઑફલાઈન મોડમાં, યુઝરને રીઅલ ટાઈમ ટ્રેકિંગનો ડોટ દેખાશે નહીં, જે તમારું લોકેશન બતાવે છે. રીયલ ટાઈમ ટ્રેકિંગ ડોટ તમને રસ્તો ભટકતા રોકી શકે છે. પરન્ત્ય ઓફલાઈન મોડમાં યુઝરે મેપ્સને ખૂબ જ કાળજીપૂર્વક જોવું પડશે અને જાતે અનુમાન લગાવવું પડશે કે તમે ક્યાં લોકેશન અને દિશમાં આગળ વધી રહ્યા છો.

### હાઈ લેવલના ઓપરેશનોમાં સંદર્ભે

### ૨૦૧૮માં આ એવોર્ડની શરૂઆત થઈ

# ગુજરાતના ૨૦ સહિત ૨૦૪ પોલીસ અધિકારીની સ્પેશિય ઓપરેશન મેડલ માટે પસંદગી

### ડીઆઈજીપી દિપેન ભદ્રમ, ડીવાયએસપી ભાવેશ રુઝીયા સહિત ગુજરાતમાંથી ૨૦ પોલીસ અધિકારીઓને સન્માન પ્રાપ્ત થશે

નવી દિલ્હી, તા.૩૧

કેન્દ્રીય ગૃહમંત્રીના સ્પેશિયલ ઓપરેશન મેડલ-૨૦૨૩ માટે ગુજરાતના ૨૦ સહિત ૨૦૪ પોલીસ અધિકારીઓની પસંદગી કરવામાં આવી છે.

ડીઆઈજીપીદિપેન ભદ્રમ, ડીવાયએસપી ભાવેશ રુઝીયા સહિત ગુજરાતમાંથી ૨૦ પોલીસ અધિકારીઓની મેડલ માટે પસંદગી કરાઈ છે.

મણિપુર પોલીસના મહાનિદેશક રાજીવ સિંહ તેમજ જમ્મુ-કાશ્મીરમાં વિવિધ હોદ્દાઓ પર કાર્ય કર્યા બાદ કેન્દ્રીય રિઝર્વ પોલીસ દળ (સીઆરપીએફ)માં તૈનાત થનારા વરિષ્ઠ આઈપીએસ અધિકારી અમિક કુમારનું નામ પણ યાદીમાં સામેલ છે.

એવોર્ડ માટે ૧૦ રાજ્યો અને ત્રણ કેન્દ્રીય એજન્સીઓમાંથી ૨૦૪ પોલીસ અધિકારીઓની પસંદગી કરાઈ છે, જેમાં સીઆરપીએફમાંથી ૨૦, એનઆઈએમાંથી ૯, એનસીબીમાંથી ૧૪, આંધ્રપ્રદેશમાંથી ૧૨, આસામમાંથી પાંચ, ગુજરાત માંથી ૨૦, ઝારખંડ માંથી ૧૬, મધ્યપ્રદેશમાંથી ૨૧, તમિલનાડુ માંથી ૧૯, તેલંગણા માંથી ૨૨, ત્રિપુરા માંથી ૨, પશ્ચિમ બંગાળમાંથી ૧૦ અને ઉત્તરાખંડ માંથી ૩ પોલીસ અધિકારીઓની એવોર્ડ માટે પસંદગી કરાઈ છે.

હાઈ લેવલના ઓપરેશનોમાં મહત્વની ભૂમિકાને ધ્યાને લઈ વર્ષ ૨૦૧૮માં આ એવોર્ડની શરૂઆત કરાઈ હતી. આ એવોર્ડ આતંકવાદ સામે મુકાબલો, સરહદ પાર કાર્યવાહી, હથિયાર નિયંત્રણ, કેફી પદાર્થોની તસ્કરી અટકાવી જેવા ક્ષેત્રોમાં આપવામાં આવે છે. આ એવોર્ડ દર વર્ષે ૩૧મી ઓક્ટોબરે પોલીસ કર્મચારીઓને આપવામાં આવે છે.

### ઘરેલુ શેર બજારમાં ખુલતા માર્કેટમાં તેજી પરત ફરી

# સેન્સેક્સમાં ૨૩૮ અને નિફ્ટીમાં ૬૧ પોઈન્ટનો ઘટાડો નોંધાયો

મુંબઈ, તા.૩૧

આજે ઘરેલુ શેર બજારમાં ખુલતા માર્કેટમાં તેજી પરત ફરી હતી, પરંતુ ગ્લોબલ માર્કેટનો નજીવા સપોર્ટના કારણે બંધ થઈ રહેલુ માર્કેટ ફરી ઘટાડામાં આવ્યુ હતુ. આ કારોબારી દિવસના અંતે ભારતીય શેર માર્કેટના બન્ને ઈન્ડેક્સ બીએસઈ સેન્સેક્સ અને એનએસઈ નિફ્ટી નીચલા સ્તરે બંધ રહ્યાં હતા. આજે કારોબારી દિવસના અંતે સેન્સેક્સ ૦.૩૭ ટકાના ઘટાડા સાથે ૨૩૭.૭૨ નીચો રહ્યો અને ૬૩,૮૭૪.૯૩ના સ્તરે બંધ થયો હતો, તો વળી બીજીબાજુ એનએસઈ નિફ્ટી ઈન્ડેક્સ કારોબારી દિવસના અંતે ૦.૩૨ ટકાના ઘટાડા સાથે ૬૧.૩૦ પૉઈન્ટ નીચે રહીને ૧૯,૦૭૯.૬૦ના સ્તરે બંધ રહ્યો હતો. આમ આજે ભારતીય શેર બજારના બન્ને ઈન્ડેક્સ નીચલા સ્તરે બંધ રહ્યાં હતા.

બે દિવસના ઉછાળા બાદ પ્રોફિટ બુકિંગના કારણે શેરબજાર મંગળવારના ટ્રેડિંગ સેશનમાં ઘટાડા સાથે બંધ થયું હતું. બેક્કિંગ, ઓટો અને આઈટી શેરોમાં પ્રોફિટ બુકિંગના કારણે બજારમાં આ ઘટાડો જોવા મળ્યો છે. આજના ટ્રેડિંગ સેશનના અંતે બીએસઈસેન્સેક્સ ૨૩૮ પોઈન્ટના ઘટાડા સાથે ૬૩,૮૭૫ પોઈન્ટ પર અને નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૬૧ પોઈન્ટના ઘટાડા સાથે ૧૯,૦૭૯ પોઈન્ટ પર બંધ થયો હતો.

આજના વેપારમાં એફએમસીજી, રિયલ એસ્ટેટ, મીડિયા કોમોડિટી અને કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ સેક્ટરના શેરમાં ઉછાળો જોવા મળ્યો છે. જ્યારે કરાયેલા બેક્કિંગ, આઈટી, ઓટો, ફાર્મા, મેટલ્સ, એનર્જી, હેલ્થકેર અને ઓઈલ એન્ડ ગેસ સેક્ટરના શેરો ઘટાડા સાથે બંધ થયા છે. આજના વેપારમાં, મિડ કેપ શેરોમાં ખરીદીને કારણે, નિફ્ટી મિડ કેપ ઈન્ડેક્સ વધારા સાથે બંધ થયો હતો જ્યારે સ્મોલ કેપ ઈન્ડેક્સ લાલ નિશાનમાં બંધ થયો હતો. સેન્સેક્સના ૩૦ શેરોમાંથી ૧૭ શેર ઉછાળા સાથે અને ૧૩ નુકસાન સાથે બંધ થયા હતા. જ્યારે નિફ્ટીના ૫૦ શૅર્સમાંથી ૨૫ શૅર લાભ સાથે અને ૨૫ શૅર નુકસાન સાથે બંધ થયા હતા.

આજના વેપારમાં, બીએસઈપર લિસ્ટેડ શેરોનું માર્કેટ કેપ રૂ. ૩૧૧.૫૪ લાખ કરોડ પર બંધ થયું હતું, જે અગાઉના સત્રમાં રૂ. ૩૧૧.૫૬ લાખ કરોડ હતું. આજના વેપારમાં બીએસઈપર લિસ્ટેડ શેરોની માર્કેટ મૂડીમાં થોડો ઘટાડો થયો છે.

આજના વેપારમાં પિડિલાઈટ ઈન્ડસ્ટ્રીઝના શેરમાં ૬.૩૧ ટકા, સિટી યુનિયન બેક્ક ૩.૩૩ ટકા, આરઈસી ૩.૩૦ ટકા, પાવર ફાઈનાન્સ ૩.૨૦ ટકા, એસબીઆઈ લાઈફ ઈન્સ્યોરન્સ ૩.૧૪ ટકા, દાલમિયા ભારત ૨.૯૫ ટકા, કોલગેટ ૯ ટકા, ચા ૨ ટકા વધ્યા હતા. ફર્ટિલાઈઝર ૨.૪૩ ટકા, ડૉ.લાલ પથ લેબ ૨.૩૬ ટકાના વધારા સાથે બંધ. જ્યારે સિમેન્સનો શેર ૨.૯૦ ટકા, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા ૨.૬૨ ટકા, સન ફાર્મા ૨.૩૯ ટકા, આઈશર મોટર્સ ૧.૮૫ ટકા ઘટીને બંધ રહ્યો હતો.

### ઈઝરાયેલ-હમાસ યુદ્ધ અન્ય પ્રાંતોમાં પણ ફેલાયું

# સીરીયાના લશ્કરી મથકો પર ઈઝરાયેલના હવાઈ હુમલા

જેરૂસલેમ, તા.૩૧

ઈઝરાયેલનાં વાયુદળે સીરીયામાં લશ્કરી મથકો પર હુમલા શરૂ કરી દીધા છે, તે સાથે ઈઝરાયેલ-હમાસ યુદ્ધ માત્ર મર્યાદિત વિસ્તાર પૂરતું નહીં રહેતાં મધ્ય પૂર્વમાં વ્યાપી રહેવાની ભીતિ દેખાઈ રહી છે.આ અંગે ઈઝરાયેલી સેનાએ જણાવ્યું હતું કે, ગઈકાલે રાત્રે સીરીયામાંથી મિસાઈલ હુમલાઓ કરતાં આજે સવારથી ઈઝરાયેલી વાયુદળનાં વિમાનોએ સીરીયામાં લશ્કરી મથકો ઉપર વળતા હુમલાઓ શરૂ કરી દીધા હતા. આ હુમલાઓ અંગે ઈઝરાયેલની સેનાએ વધુ વિગતો આપી નથી. માત્ર તેટલું જ જણાવ્યું હતું કે રવિવારે રાત્રે સીરીયામાંથી થયેલા (મિસાઈલ્સ) હુમલાના જવાબમાં આ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

આ અંગે સીરીયાનાં સંરક્ષણ મંત્રાલયે સોમવારે જણાવ્યું હતું કે સીરીયાના કબજામાં રહેલા ગોલન-હાઈટ્સ વિસ્તાર પાસેનાં 'ધરા' પ્રદેશમાં આવેલા બે વિસ્તારોને નિશાન બનાવવામાં આવ્યા હતા. તેથી અમારા કેટલાંક લશ્કરી સાધનો નાશ પામ્યા છે.

બીજી તરફ સીરીયન ઓબ્ઝર્વેટરી ફોર હ્યુમન રાઈટ્સ વૉર-સોનિટરે જણાવ્યું હતું કે, બાજુની અમારા કબજા નીચેની ગોલન હાઈટ્સ પાસેનાં લશ્કરી મથકો ઉપર ઈઝરાયેલે હવાઈ હુમલા કર્યા હતા. તેણે એક આર્ટિલરી બટાલિયનને ખાસ નિશાન બનાવી હતી. આથી ઈઝરાયેલ-હમાસ યુદ્ધ મધ્યપૂર્વમાં વિસ્તરવાની ભીતિ વધી છે.

આ પૂર્વે સીરીયા અને ઈરાકમાં રહેલાં અમેરિકાનાં લશ્કરી મથકો ઉપર પણ આતંકવાદીઓએ શ્રેણીબદ્ધ હુમલા કરી રહ્યાં છે. આ હિઝબુલ્લા આતંકીઓ હોવાનું અમેરિકાનું સ્પષ્ટ અનુમાન છે. હિઝબુલ્લા આતંકીઓનું સર્જક જે ઈરાન છે તેમ પણ અમેરિકાનાં જાસૂસ તંત્રે નિશ્ચિત રીતે કહ્યું છે. તેઓ ગાઝા યુદ્ધ શરૂ થયું ત્યારથી સક્રિય છે. લેબેનોનમાં તેમનું મુખ્ય મથક છે. અન્ય મથકો પણ છે. તેમના રોકેટ ફાયરનો ઈઝરાયેલ લેબોનનમાં પણ વળતા હવાઈ હુમલા દ્વારા બરોબરનો જવાબ આપે છે. ટૂંકમાં આ યુદ્ધ હવે તમામ ગણતરીઓથી પર બની રહ્યું છે. વ્યાપક બનતું જાય છે, તીવ્ર બનતું જાય છે.

### ૪૦૦ કરોડની ખંડણી માંગી

# મુકેશ અંબાણીને ત્રીજીવાર જાનથી મારી નાખવાની ધમકી મળી

### પ્રથમ વખત મુકેશ અંબાણી પાસેથી ૨૦ કરોડ રૂપિયાની અને બીજી વખત ૨૦૦ કરોડ રૂપિયાની માંગણી કરવામાં આવી હતી

નવી દિલ્હી, તા.૩૧

એશિયા અને ભારતના સૌથી ધનિક વ્યક્તિ મુકેશ અંબાણીને ત્રીજી જાનથી મારી નાખવાની ધમકી મળી છે. આ વખતે ધમકી આપનાર વ્યક્તિએ ૪૦૦ કરોડ રૂપિયાની માંગણી કરી છે.

આ પહેલા મુકેશ અંબાણીને બે વખત ધમકી મળી હતી. પ્રથમ વખત મુકેશ અંબાણી પાસેથી ૨૦ કરોડ રૂપિયાની અને બીજી વખત ૨૦૦ કરોડ રૂપિયાની માંગણી કરવામાં આવી હતી.

સોમવારે મોકલવામાં આવેલા ઈમેલમાં કહેવામાં આવ્યું છે કે જો પોલીસ મને શોધી શકતી નથી તો તેઓ મારી ધરપકડ કરી શકશે નહીં. ત્રીજો ધમકીભર્યો ઈમેલ પણ એ જ સરનામે આવ્યો છે જેમાંથી અગાઉના બે ધમકીભર્યા ઈમેલ આવ્યા હતા. ત્રીજા મેલમાં રકમ બમણી કરીને ૪૦૦ કરોડ રૂપિયા કરવાની માંગ કરવામાં આવી છે.

દરમિયાન, મુંબઈ પોલીસ બંને મેલની તપાસ કરવામાં અને મોકલનારનું લોકેશન શોધવામાં વ્યસ્ત છે. પોલીસે બેલ્જિયમની વર્ચ્યુઅલ પ્રાઈવેટ નેટવર્ક કંપની તરફથી મોકલવામાં આવેલા ધમકીભર્યા મેઈલની માહિતી મેળવવા ઈન્ટરપોલની મદદ માંગી છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે તેનું આઈપી એડ્રેસ બેલ્જિયમનું છે અને આ મેઈલ **shadabkhan@mailfence.com** પરથી મોકલવામાં આવ્યો છે. પોલીસનું માનવું છે કે ધમકી આપનાર વ્યક્તિ અન્ય દેશની હોઈ શકે છે. તે ગેરમાર્ગે દોરવા માટે બેલ્જિયન **VPN** નો ઉપયોગ કરી રહ્યું છે.

અહેવાલ મુજબ ઈમેલમાં કહેવામાં આવ્યું છે કે તમારી સુરક્ષા કેટલી કડક છે તેનાથી કોઈ ફરક પડતો નથી. પોલીસ મને ટ્રેક કરીને ધરપકડ કરી શકતી નથી. આ ધમકી બાદ મુંબઈ પોલીસે અંબાણીના દક્ષિણ મુંબઈના નિવાસસ્થાનની સુરક્ષા વધારી દીધી છે.

અંબાણીના સુરક્ષા પ્રભારી દ્વારા કરવામાં આવેલી ફરિયાદના આધારે પોલીસે આઈપીસીની કલમ ૩૮૭ અને ૫૦૬ (૨) હેઠળ અજાણ્યા વ્યક્તિ વિરુદ્ધ કેસ નોંધ્યો છે. ૨૭ ઓક્ટોબરે મુકેશ અંબાણીને પહેલો ધમકીભર્યો મેલ મોકલવામાં આવ્યો હતો અને બીજા દિવસે ૨૦૦ કરોડ રૂપિયાની માંગ સાથે બીજો મેલ આવ્યો હતો.

આ વર્ષના ફેબ્રુઆરી મહિનામાં એક વ્યક્તિએ નાગપુર પોલીસના કંટ્રોલ રૂમમાં ફોન કરીને મુકેશ અંબાણીના ઘર એન્ટિલિયાને ઉડાવી દેવાની ધમકી આપી હતી, ત્યારબાદ પોલીસે તરત જ એન્ટિલિયાની સુરક્ષા કડક કરી દીધી હતી. ૩૬૦ વન વેલ્થ હુરુન ઈન્ડિયા રિચ લિસ્ટ ૨૦૨૩માં, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના માલિક મુકેશ અંબાણીએ અદાણી ગ્રૂપના વડા ગૌતમ અદાણીને પાછળ છોડીને સૌથી ધનિક ભારતીયનું બિરુદ ફરીથી મેળવ્યું છે.

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના ચેરમેન મુકેશ અંબાણીએ અદાણી ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણીને પાછળ છોડીને ભારતના સૌથી ધનિક વ્યક્તિનું બિરુદ હાંસલ કર્યું છે. હુરુન ઈન્ડિયા અને ૩૬૦ વન વેલ્થે આજે ૩૬૦ વન વેલ્થ હુરુન ઈન્ડિયા રિચ લિસ્ટ ૨૦૨૩ બહાર પાડી છે.

ભારતના સૌથી અમીર લોકોની આ ૧૨મી વાર્ષિક રેક્કિંગ છે. આ યાદીમાં ગૌતમ અદાણીની સંપત્તિ મુકેશ અંબાણીની સરખામણીમાં ઘણી ઓછી છે, કારણ કે જાન્યુઆરી દરમિયાન આવેલા હિંડનબર્ગ રિસર્ચના રિપોર્ટને કારણે અદાણી ગ્રુપની નેટવર્થમાં નોંધપાત્ર ઘટાડો થયો હતો.

### દુનિયાના દિગ્ગજ રોકાણકાર ઝેફઅફરીઝના ક્રિસ્ટોફર વુડે આશંકા વ્યક્ત કરી

# ૨૦૨૪માં એનડીએ ફરી સત્તા પર નહીં આવે તો ભારતીય શેરબજારમાં કડાકો બોલશે

નવી દિલ્હી, તા.૩૧

આગામી વર્ષે ૨૦૨૪માં થનારી લોકસભા ચૂંટણીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ વાળી એનડીએસરકાર સતત ત્રીજી વખત સત્તામાં ન આવી તો ભારતીય શેરબજારમાં સુનામી આવી શકે છે. શેરબજાર ૨૫% સુધી પડી શકે છે. આ આશંકા દુનિયાના દિગ્ગજ રોકાણકાર ઝેફઅફરીઝના ક્રિસ્ટોફર વુડે કરી છે.

બિઝનેસ સ્ટાન્ડર્ડ બીએફએસઆઈસમિતિ ૨૦૨૩ને સંબોધિત કરતા ક્રિસ વુડે શેરબજાર માટે સૌથી મોટા રિસ્કનો ઉલ્લેખ કરતા કહ્યું કે, જો સત્તારુઢ પાર્ટી ૨૦૨૪માં સતત ત્રીજી વખત સત્તામાં ન આવી તો ભારતીય શેરબજારમાં મોટો ઘટાડો આવી શકે છે. જોકે, ક્રિસ વુડે આ સાથે જ એ પણ કહ્યું કે,તેની શક્યતાઓ ઘણી ઓછી જણાઈ રહી છે.પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીના નેતૃત્વ વાળી એનડીએસરકારને કોંગ્રેસની આગેવાની વાળી યુપીએસરકારે ૨૦૦૪ની લોકસભામાં ચૂંટણીમાં હરાવી હતી. જેની કોઈને પણ આશા નહોતી. ચૂંટણીના પરિણામો સામે આવ્યા બાદ તે સમયે શેરબજારમાં સતત બે દિવસ સુધી લોઅર સર્કિટ લાગ્યુ હતું. કારણ કે, યુપીએસરકાર વામપંથી દળ સીપીએમના સમર્થનથી બની રહી હતી જે આર્થિક સુધારાની કટ્ટર વિરોધી હતી. ક્રિસ વુડે ૨૦૦૪ને યાદ કરતા કહ્યું કે, ૨૦૦૪માં જે થયુ એવું જ જો ૨૦૨૪માં થશે તો શેરબજારમાં ૨૫%નો ઘટાડો આવી શકે છે. જોકે, તેમણે આ સાથે જ એમ પણ કહ્યું કે, એટલી જ તેજીથી બજાર ફરીથી ઉપર પણ આવી જશે.૨૦૧૪ની લોકસભા ચૂંટણીના પરિણામોની વાત કરીએ તો ૧૬ મે ૨૦૧૪ના રોજ જે દિવસે મતોની ગણતરી થઈ રહી હતી અને જ્યારે સ્પષ્ટ થઈ ગયું કે કેન્દ્રમાં નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં બહુમતી સાથે એનડીએ સરકાર બનવા જઈ રહી છે ત્યારે તે દિવસે પહેલી વાર બીએસઈસેન્સેક્સ ૨૫,૦૦૦ ના લેવલને પાર કરવામાં સફળ રહ્યો હતો. સેન્સેક્સમાં ૧૪૫૦ પોઈન્ટથી વધુનો ઉછાળો જોવા મળ્યો હતો. એનએસઈનો નિફ્ટી પણ પહેલી વાર દિવસના ટ્રેડમાં ૭૫૦૦ના આંકડાને પાર કરવામાં સફળ રહ્યો હતો. જોકે, બજાર બંધ થાય તે પહેલાં પ્રોફિટ બુકિંગ પાછું આવતા સેન્સેક્સ માત્ર ૨૧૬ પોઈન્ટના ઉછાળા સાથે ૨૪૧૨૧ પર અને નિફ્ટી ૭૫ પોઈન્ટના ઉછાળા સાથે ૭૨૦૦ પર બંધ થયો હતો. ૨૦૧૯ની લોકસભા ચૂંટણીના મત ગણતરીના દિવસે નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળની દ્વઢછ સરકાર બનવા જઈ રહી છે એ સ્પષ્ટ થતાં જ પહેલી વખત દિવસના ટ્રેડમાં મ્જીઈ સેન્સેક્સ ૪૦,૦૦૦નો આંકડો પાર કરવામાં સફળ રહ્યો હતો. નિફ્ટી ૧૨૦૦૦નો આંકડો પાર કરવામાં સફળ રહ્યો હતો જે એક ઐતિહાસિક રેકોર્ડ લેવલ હતો. જોકે બજાર બંધ થતા બંને ઈન્ડેક્સ લાલ નિશાનમાં ક્લોઝ થયા હતા. સેન્સેક્સ ૨૯૮ પોઈન્ટના ઘટાડા સાથે ૩૮૮૧૧ પોઈન્ટ અને નિફ્ટી ૮૦ પોઈન્ટના ઘટાડા સાથે ૧૧૬૫૭ પોઈન્ટ પર બંધ થયો હતો.

### રાજ્યમાં વધતા હાર્ટએટેકના કેસથી ચિંતામાં વધારો

# વર્ષમાં રાજ્યમાં હાર્ટ એટેકના ૨૮, અમદાવાદમાં ૩૦ ટકાનો વધારો

### યુ. એન. મહેતા ખાતે વર્ષ ૨૦૨૧-૨૨માં કુલ ૨.૬૬ લાખ કેસ હતા અને તે ૨૦૨૨- ૨૩માં ૨૭ ટકા વધીને ૩.૩૭ લાખ થઇ ગયા

અમદાવાદ, તા.૩૧

ગુજરાતમાં હાર્ટ એટેકના કેસમાં થઈ રહેલો સતત વધારો ચિંતાનો વિષય બન્યા છે. ડોક્ટરોના મતે ગત વર્ષની સરખામણીએ હાર્ટ એટેકના કેસમાં અમદાવાદમાં ૩૦ ટકા જ્યારે ગુજરાતમાં ૨૮ ટકાનો વધારો થયો છે. ગુજરાતમાં છેલ્લા કેટલાક સમયથી ખાસ કરીને યુવા વયે હાર્ટ એટેકના કેસમાં વધારો જોવા મળી રહ્યો છે. બિનસત્તાવાર અહેવાલ અનુસાર તાજેતરમાં નવરાત્રિ દરમિયાન જ ૨૪થી વધુ લોકોએ ગરબા કરતી વખતે અચાનક હાર્ટ એટેક આવવાથી જીવ ગુમાવ્યો હતો. આ અંગે અમદાવાદ મેડિકલ એસોસિયેશનના પ્રેસિડેન્ટ ડો. તુષાર પટેલે જણાવ્યું કે, 'હાર્ટ એટેકના વધતા જતા કેસ ચિંતાનો વિષય છે. છેલ્લા એક વર્ષમાં હાર્ટએટેકના કેસમાં અમદાવાદમાં ૩૦ ટકાનો જ્યારે ગુજરાતમાં ૨૮ ટકાનો વધારો થયો છે. વધતા જતા કેસને મામલે સરકાર દ્વારા મૂળમાં જઈને તપાસ થવી જોઈએ. જરૂર પડે તો હાર્ટ એટેકથી મૃત્યુ પામનારાનું પોસ્ટમોર્ટમ કરીને તપાસ કરવામાં આવે તે જરૂરી છે. અમદાવાદની સિવિલ હોસ્પિટલના પરિસરમાં આવેલી યુ.એન. મહેતા ઈન્સ્ટિટ્યુટ ઓફ કાર્ડિયોલોજીમાં વર્ષ ૨૦૨૧માં દરરોજના સરેરાશ ૭૧૨, ૨૦૨૨માં સરેરાશ ૮૭૧ જેટલા હૃદયના દર્દી નોંધાતા હતા. જેની સરખામણીએ વર્ષ ૨૦૨૩માં દરરોજના સરેરાશ ૯૫૦થી વધુ હૃદયની સમસ્યા ધરાવતા દર્દી નોંધાઈ રહ્યા છે. આજથી થોડા વર્ષ અગાઉ કોઈ વ્યક્તિને ૫૦થી ૬૦ના વયજૂથમાં હાર્ટ એટેક આવતો તો પણ આશ્ચર્ય ગણાતું. જેની સરખામણીએ છેલ્લા કેટલાક વર્ષમાં બાળકો-કિશોરો-યુવાનોમાં પણ હાર્ટ એટેકના કેસમાં વધારો થવા લાગ્યો છે. યુ.એન. મહેતા ખાતે વર્ષ ૨૦૨૧-૨૨માંકુલ ૨.૬૬ લાખ કેસ હતા અને તે ૨૦૨૨- ૨૩માં ૨૭ ટકા વધીને ૩.૩૭ લાખ થઈ ગયા છે.

# બાબરામાં ભાજપ પરિવાર દ્વારા સરદાર પટેલની ૧૪૮ મી જન્મજયંતિની ભવ્ય ઉજવણી



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરામાં દેશના લોંખડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૪૮મી જન્મ જયંતીની ભવ્ય ઉજવણી શહેર ભાજપ દ્વારા કરવામાં આવી હતી અહીં વાસવડ રોડ પર આવેલ સરદાર સર્કલ પાસે શહેર ભાજપ પરિવાર દ્વારા સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને ફુલહાર પુષ્પજલી અર્પણ કરવામાં આવી હતી તેમજ જય સરદારના નારા લગાવી તેમના કાર્યોને યાદ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ધારાસભ્ય જનકભાઈ તળાવીય, જિલ્લા પંચાયતના પ્રમુખ ભરતભાઈ સુતરિયા, નગરપાલિકા પ્રમુખ પ્રવિણ ભાઈ કરકર, શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ ખોખરીયા,તાલુકા ભાજપ પ્રમુખ અશોકભાઈ રાખોળિયા, નગરપાલિકા પૂર્વ પ્રમુખ લલિતભાઈ આંબલિયા, પૂર્વકારોબારી સમિતિના ચેરમેન ભુપતભાઈ બસિયા, શહેર ભાજપના મહામંત્રી બીપીનભાઈ રાદડિયા, ઉપ પ્રમુખ અંકુરભાઈ જસાણી, વસંતભાઈ તેરૈયા, ધર્મેશભાઈ વાવડીયા, શહેર યુવા ભાજપના પ્રમુખ હરેશભાઈ આખજા, જગદીશભાઈ વાવડીયા, રસિકભાઈ ગોજારીયા, નરેસભાઈ મારૂ, મહેશભાઈ ચૌહાણ, અશ્વિનભાઈ મકવાણા, અજિતભાઈ ખોખરીયા, શંભુભાઈ પાંચાણી, મગનભાઈ કોઠીયા, કપિલભાઈ ચોવટિયા, ભરતભાઈ રંગપરા, ભરતભાઈ પાડા, રાજુભાઈ ભૂતૈયા, સવજીભાઈ બાંભવા, નરેશભાઈ દસલાણીયા સહિત ભાજપના અગ્રણીઓ પાટીદાર સમાજના અગ્રણી મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## પાના ૮ ઉપરનું ચાલું સાવરકુંડલામાં લેભાગુ વેપારી

મહામંત્રી પ્રતાપ ખુમાણ દ્વારા તમામ સમાચાર માધ્યમો દ્વારા તથા તમામ અધિકારીઓ, જિલ્લા કલેક્ટર અમરેલી, જિલ્લા પોલીસ વડા અમરેલી, નાયબ પોલીસ અધિક્ષક સાવરકુંડલા, મામલતદાર સાવરકુંડલા, પોલીસ ઈન્સ્પેકટર ટાઉન સાવરકુંડલાને લેખિત અને વિડિયો–ઓડિયો, ફોટા સહિત રજૂઆત કરી ચેતવતા આવ્યા હતા કે, ગરીબ લોકો છેતરામણીનો ભોગ બને તે પહેલા સાવચેતીના પગલા ભરવા જરૂરી હોવાની વિનંતી કરતા રહ્યા હતા અને છેલ્લા એક મહિનાથી મદ્રાસ ચેન્નાઈથી ઉતરી પડેલ આ ગોલ્ડ સ્ટાર હોમ નીડસ ઓર્ડર સપ્લાયર્સ નામની બનાવટી પેઢી માલિકો છડે ચોક લોકોને અને ખાસ કરીને ગરીબ, સાધારણ, મજુર પરિવારોને લલચામણી ઓફરો કરીને થોડો સમય વાયદા પ્રમાણે ૪૫% ઓછા ભાવે વસ્તુનું વેચાણ કરી એક સાથે જાજો દલ્લો ભેગો થયો એટલે રાતોરાત ગોડાઉન ખાલી કરી રફુ ચક્કર થઈ ગયા હતા. જે મકાનમાં ભાડે રહેણાંક કર્યુ હતું તે પણ ખુલ્લમ ખુલ્લું મૂકીને જતા રહ્યા છે. સૌથી વધુ ભોગ ગ્રામ્ય વિસ્તાર તથા સાવરકુંડલા શહેરના છેવાડાના અતિ ગરીબ, સાધારણ, મજૂર પરિવારો બન્યા છે. અમુક સુખી સંપન્ન વ્યકિતઓએ પણ લોભ અને થોભ નહી તેમ એક એક લાખ જેવી રકમો જમા કરાવી છે.

એક અંદાજ મુજબ આ કુલ આંકડો કરોડો રૂપિયામાં થવા જાય છે. કારણ કે આ ઠગ ટોળકીએ તારીખ ૨૯/૧૦ રવિવાર સુધી રકમ ઉઘરાવવાનું ચાલુ રાખ્યું હતું અને તારીખ ૨૯/૧૦ સુધી માલની ડીલેવરી જેમણે અગાઉ ૧૨ દિવસ પહેલાં પૈસા જમા કરાવ્યા હતા તેને આપી દીધી હતી. હવે જે લોકોને તારીખ ૩૧/૧૦ ડિલિવરીની ડેટ આપી હતી અને તે દિવસે માલ આપવાનો હતો ત્યારે લોકો સવારે આ કંપનીના ગોડાઉનમાં પોતાની વસ્તુ લેવા પહોંચ્યા ત્યારે ત્યાં કોઈ હતું જ નહીં. વહેલી સવારે જ રફૂચક્કર થઈ ગયા હતા. દર સોમવારે અઠવાડિક રજા રાખતા હતા એટલે છેલ્લો દિવસ તારીખ ૨૯/૧૦ રવિવાર સુધી રેગ્યુલર વેચાણ ચાલુ રાખ્યું હતું. દસ–બાર દિવસ અગાઉ તમામ રકમ વસ્તુ પેટે જમા લઈ બાર દિવસ બાદ વસ્તુની ડિલિવરી ગ્રાહકને અપાતી હતી. એટલે એક અંદાજ મુજબ તા. ૧૮/૧૦/૨૩ થી તા. ૨૯/૧૦/૨૩ સુધી જેટલા લોકોએ રકમ જમા કરાવી હતી તેમને ડિલિવરી તા. ૩૧/૧૦ થી ૧૨/૧૧/૨૩ સુધીની આપેલી છે. એટલે આટલા લોકો આ ઠગ ટોળકીનો ભોગ બની ચૂકયા છે એમ કહેવાય.

હવે આ તમામ લોકોમાં મોટાભાગે અશિક્ષિત અને પછાત વર્ગના પરિવારો વધારે છે એટલે અસંગઠિત છે માટે પોતે પોતાનો અવાજ કયાંય ઉઠાવી શકે નહીં એટલા માટે સમાજ સેવી અગ્રણી પ્રતાપભાઈ ખુમાણ દ્વારા ભોગ બનેલા તમામ પરિવારને એક અપીલ કરવામાં આવી છે કે, જેમણે રકમ જમા કરાવી હોય અને વસ્તુની ડિલિવરી ન મળી હોય તે પોતાની રીસીપ્ટની ઝેરોક્ષ નકલ સનરાઈઝ સ્કુલ, શિવાજી નગર, સાવરકુંડલાની ઓફિસમાં જમા કરાવે. જેથી આ તમામ આધારભૂત માહિતી યોગ્ય સત્તાવાળાને સોંપવામાં આવશે જેથી આ ટોળકી કુલ ખરેખર કેટલી રકમ ઉસેડી ગઈ છે તે ખ્યાલ આવશે.

ગામડામાંથી આવતા એક બેન તો ચોધાર આંસુડે રડતા રડતા જણાવે છે કે, મારી દીકરીના દિવાળી પછી લગ્ન લેવાના હોવાથી કરિયાવર એકઠો કરવા માટે અમે લોભની લાલચમાં આવીને ૪૦ હજાર રૂપિયા જેવી રકમ અહીં જમા કરાવેલી હતી અને વસ્તુનો ઓર્ડર આપેલો હતો. હવે મારી દીકરીનું કરિયાવરનું શું થશે ? જાણવા મળ્યું છે કે, માસિક રૂા. ૨૫,૦૦૦/– જેવી ભારે રકમ સાથે જેનું ગોડાઉન ભાડે રાખેલું તે મકાન માલિકને પણ ભાડું ચૂકવ્યું નથી.

જવાબદાર સત્તાવાળાઓ આ લોકો જયાં કયાંય નાસી ગયા હોય ત્યાંથી પકડી તેમના વતનમાંથી તેમની મિલકતો જરૂર પડે તો જપ્ત કરીને પણ આ ગરીબ પરિવારોનાં પરસેવાની કાળી મજૂરી કરીને એકઠી કરેલ કમાણી પરત કરાવી ન્યાય અપાવે અને એક દાખલા રૂપ કાર્યવાહી કરે તેવી લોક લાગણી સાથે આ ચેન્નાઈ ટોળકી સામે રોષ ભભૂકી રહ્યો છે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે સ્થાનિક તંત્રએ ''અમરેલી એકસપ્રેસ''નાં અહેવાલની ગંભીર નોંધ લઈને તુરત જ તપાસ કરી હોત તો કરોડો રૂપિયાની આર્થિક છેતરામણીથી હજારો પરિવારોને બચાવી શકાયા હોત.

## પાના ૧ ઉપરનું ચાલું ગરીબો માટે કસ્તુરી સમાન

દાળનો સ્વાદ ફિકકો લાગે. જો કે હાલ તો ડુંગળીના ભાવ આસમાને જતાં જોવા મળે છે. હાલ ડુંગળી સાંઈઠથી સિતેર રૂપિયે કિલો શાકમાર્કેટમાં વેચાતી જોવા મળે છે. ગરીબો માટે તો આ ભાવ પોસાય તેમ નથી અને અમીરો પણ ડુંગળી ખરીદીમાં કાપ મુકતા જોવા મળ્યા છે. પ્રારંભમાં ડુંગળીના પાકે ખેડૂતોને રોવડાવ્યા હવે ખરીદનારને રોવડાવે છે. આમ ડુંગળીનાં વધતા ભાવોએ તંત્રની ઉંઘ હરામ કરી નાખી છે. જલ્દી ડુંગળીનાં ભાવ નીચે લાવવા માટે સરકાર ધ્વારા બઝારમાં પુરતા પ્રમાણમાં પુરવઠો ઉપલબ્ધ થાય તે માટે યોગ્ય પગલાં ભરવા જરૂરી છે અને ભાવ નિયમન માટે પણ કોઈ ઢોસ નીતિ અપનાવવાની જરૂર છે.

## પાના ૧ ઉપરનું ચાલું ચમારડી ખાતે ''વલ્લભ'' નામધારી

નારણભાઈ કાછડિયા, લાઠી–બાબરાનાં ધારાસભ્ય જનકભાઈ તળાવિયા, લોક સાહિત્યકાર સુખદેવભાઈ ધામેલિયા, દેવાયતભાઈ ખવડ, જીલ્લા પંચાતના પ્રમુખ ભરતભાઈ સુતરીયા, જિલ્લા પંચાયતના સદસ્ય પ્રભાતભાઈ કોઠીવાળ, ભૂપેન્દ્રભાઈ બસિયા, હિંમતભાઈ દેત્રોજા, રાજુભાઈ વીરોજા સહિતના મહાનુભવોનું થતાં ૧૪૮ કરતા વધુ વલ્લભભાઈ નામાધારી વ્યકિતઓનું ફૂલહાર અને સરદાર પટેલની પ્રતિમાથી સન્માન કરવામાં આવ્યું હતું. ત્યારે સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતી નિમિત્તે બાબરા તાલુકાના આજુ બાજુના વિસ્તારના તમામ ગામોના રાજકીય અને સામાજિક તથા પ્રાથમિક શાળા અને કન્યાશાળાના વિદ્યાર્થીઓ અને શાળા સ્ટાફ સહિત ચમારડી ગામના લોકો મોટી સંખ્યામાં આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

## પાના ૮ ઉપરનું ચાલું જાફરાબાદની ''શિવ સુંદર'' નામની બોટ

મરજીવાઓની મદદ અને ૩ થી ૪ બોટો વડે દરિયાની અંદર ડૂબેલ બોટને પહેલા મુંબઈના દરિયા કાંઠે પાણીની અંદર ખેંચીને લાવીને જે કાણું પડેલ તેનું રીપેરીંગ કામ કરી અને દીવના કાંઠા સુધી ખુબ સરસ બચાવ કરી લાવેલ. જેમાં મુંબઈ કોસ્ટ ગાર્ડ અને મુંબઈ કસ્ટમ વિભાગે જે ગેર સમજના કારણે માછીમારોને ખૂબ હેરાન–પરેશાન કરેલ હોય અને અંતે તેઓએ ચકાસણી કરતા જાણ થયું કે દીવના માછીમારો નિર્દોષ છે તેથી ફાઈન ભરીને પરત છુટ્ટા કર્યા પછી યુવા જાગૃત માછીમારના ઉકાભાઈ લાખાભાઈ, નાનજીભાઈ ધનજીભાઈ, જયેશભાઈ શામજીભાઈ, હિરાલાલ ઉકરડાભાઈ અને હરજીભાઈ, બાબુભાઈ અમૃતાલભાઈના પિતા તેમની બોટો સાથે 'મનમોહિની' બોટ માલિક રમેશ રામજી તેમની બોટ સાથે સામુભાઈ બાવા, અમ્રીકભાઈ કરસન ઊભા પગે દિન રાત મહેનત કર્યા પછી તારીખ ૧૨/૧૦/૨૩ ના રોજ દીવ બંદરે ક્ષતિ ગ્રસ્ત બોટને લઈ આવીને જોયું તો ખૂબ આર્થિક નુકસાન થયેલ. તે પૈકીની મદદરૂપ થતાં ફરી યુવા જાગૃત માછીમારોના સભ્યોએ ૧લાખ ૨૬ હજાર ૮૦૦ રૂપિયાની આર્થિક મદદ કરે છે અને અપીલ કરેલ છે કે જે પણ યોગ્ય મદદ રૂપ થાય અને આપણો માછીમાર બેઠો થાય તે પ્રયત્નો કરીએ. હાલમાં અમૃતલાલભાઈની બોટ સમારકામમાં હોય અને જાણવા મળ્યું છે કે શિવ સાગર ફિશ સપ્લાયર પણ મદદરૂપ થઈ રહ્યા હોય અને ટૂંક સમયમાં મદદની રાશિ જાહેર કરી શકે તેવી ચર્ચાઓ ચાલી રહી છે.

### પાલિકાનાં શાસકોની નિષ્ક્રીયતાનાં કારણે

# જાફરાબાદમાં ઠેકઠેકાણે રખડતાં પશુઓથી અવાર–નવાર અકસ્માતની ઘટના બની રહી છે

### ગુજરાત હાઈકોર્ટનાં આદેશ મુજબ કાર્યવાહી જરૂરી બની

જાફરાબાદ, તા. ૩૧

જાફરાબાદમાં રખડતા ઢોરનો પ્રશ્ન સામાન્ય બની ગયો છે. રખડતાં ઢોરના લીધે રાહદારીઓ, વાહન ચાલકો અવાર નવાર હડફેટે આવી જતાં મોત સુધીના બનાવો તેમજ હાથ – પગ ભાંગી જવાના બનાવો બની ચુકયા છે. તો કેટલાક કિસ્સાઓમાં વાહન ચાલકોના લીધે પશુઓના પણ મોતના બનાવો બની ચુકયા છે. બે દિવસ પૂર્વે જ ગુજરાત હાઈકોર્ટે જે તે અધિકારીઓની આકરાં શબ્દોમાં ઝાટકણી કાઢી હતી રખડતા ઢોરના આ ત્રાસ નાથવા માટે જાફરાબાદ પાલિકા અસરકારક કામગીરી કરશે ? જાફરાબાદમાં ઠેર – ઠેર રખડતા ઢોરથી જનતા ત્રાહિમામ્ પોકારી ઉઠી છે.છતાં વહીવટી તંત્ર ખુદ જાણે છતાં જનતાની કંઈ જ પડીના હોય તેમ આંખ આડા કાન કરવામાં આવી રહ્યાં હોય તેવી પરિસ્થિતિ જોવી લાગી જ રહ્યું છે. અવાર નવાર આખલાઓ જાહેર રોડ ઉપર મુખ્ય બ્રિજ ઉપર વચ્ચોવચ બેઠેલા હોય છે. માગની આવી હાલત હોય તો અન્ય સ્થળોએ તો રખડતા ઢોરોના કારણે વાહન ચાલકો અને રાહદારીઓના થતાં મોત અંગે જવાબદાર કોણ ? રખડતાં પશુઓને જાહેર માર્ગો પરથી દૂર કરવા સરકાર અને સ્થાનિક તંત્ર કેટલા ગંભીર છે. વળી આ સ્થિતિ ત્યારે છે. જયારે હાઈકોર્ટે સખત ટકોર કરી છે. કે નાગરિકોને રખડતા ઢોરોના ત્રાસમાંથી મુક્તિ કયારે જાહેર માર્ગો રખડતા ઢોરો જોતા એવું લાગી રહ્યું છે કે અદાલતના હુકમની પણ સરકાર કે તંત્રને કોઈ દરકાર નથી નહીતર રોડ રસ્તા ઉપર ટ્રાફિકથી ધમધમતા રસ્તા પર આ રીતે ઢોરો લટાર મારી રહ્યા હોય પાછલા સમયમાં એવી ઘણી બધી ઘટનાઓ બની છે જેમાં રખડતા ઢોરોને કારણે વાહનચાલકો કે રાહદારીઓને અમુલ્ય જીવ ગુમાવવાનો વારો આવ્યો છે. રખડતાં ઢોરોના કારણે અવાર નવાર થતા લોકોના મોત છતાં પણ તંત્ર ગંભીરતા લેવામાં આવતી નથી જનતા જનાર્દને આ સમસ્યામાંથી મુક્તિ આપવામાં કોઈ ગંભીર પગલાં ભરાઈ ન રહ્યાનું સ્પષ્ટ પણે દેખાય છે. વિસ્તારોમાં સામે સામે યુદ્ધે સડી બાળકો તથા વૃદ્ધો નાગરિકો ઉપર હુમલાઓ પણ અવાર નવાર થતા હોય અને અમુલ્ય માનવ જીંદગી મોતના મુખમાં હોમાઈ તી હોય છે. તેમજ લોકોના હાથ પાડું પણ ભાંગી નાખતા આ રખડતા ઢોરો અવાર નવાર કીમતી વસ્તુઓ જેવી કે ટુ વ્હીલર ફોર વ્હીલર જેવા વાહનોનું પણ નુકસાનક થતું હોય છે. તથા મારર્કેટની અંદર આખલાઓ અવાર નવાર પ્રવેશી શાકભાજી વેચનારા પાથરણાવાળા ફ્રુટ વેચનાર લોકોના માલસામાનને પણ મોટા પાયે માલ ઢોર ખાઈ જતાં હોય છે અમુક સમયે માર્કેટમાં પણ અંદર ગરી લોકો ઉપર પણ હુમલા કરતા આખલાઓ આવા પણ અગાઉ બનાવ બની ચુકયા છે. રખડતા ઢોરોનો ત્રાસ નાથવા યોગ્ય અને અસરકારક કાર્યવાહી થતી નથી અને કેટલીય નિદાષ જનતા અકસ્માત સહિત મોતને ભેટી રહી હોવા છતાં સંવેદનશીલ તંત્રની સંવેદના કેમ જાગતી નથી ? નગરપાલિકામાં સામાન્ય નાગરિકની ફરિયાદ ગંભીરતાથી લેવાતી નથી પણ છતી આંખે દેખાતી જાહેર ગંભીરતા સામે જાફરાબાદ નગરપાલિકા કેમ ગંભીર બનતી નથી ? નામદાર ગુજરાત હાઈકોર્ટ અવારનવાર રખડતા ઢોરો ત્રાસ નાથવા તંત્રને ટકોર કરવા છતાં વહીવટી તંત્ર અસરકારક કામગીરી કરવામાં ઠાગાઠૈયા રખડતા ઢોરોથી બચવા સતકતા એજ સલામતી નીતિ અમલમાં લાવી ખુદ જનતા જાગરૂક બની બચાવ શોધે તેવી પરિસ્થિતિનો નિર્માણ રોડ રસ્તા પર ભડકતુ મોત રખડતા ઢોરોના ત્રાસ નાથવા વહીવટી તંત્રમાં જો માનવતા જાગે તો આ અંગે કડક અને અસરકારક પગલાં ભરે ?

# અમરેલી ખાતે લેઉવા પટેલ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સરદાર પટેલની જન્મજયંતિએ બાઈક રેલી યોજાઈ



દેશની આઝાદી પછી સરદાર વલ્લભભાઈ પટેલે સમગ્ર રાષ્ટ્રને એક કરવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. તેમને ભારતના લોખંડી પુરૂષ અને ભારતના બિસ્માર્ક પણ કહેવામાં આવે છે.પટેલ એવા કેટલાક મહાન નેતાઓ અને સ્વાતંત્ર્ય સેનાનીઓમાંના એક છે જેમના યોગદાનને માત્ર આઝાદી પહેલા જ નહીં પરંતુ આઝાદી પછી પણ ભૂલી શકાય તેમ નથી.વલ્લભભાઈ પટેલની જન્મજયંતિને દેશમાં રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. ભારતના લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ દેશભરમાં ઉજવવામાં આવે છે ત્યારે સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ નિમિતે લેઉવા પટેલ ચેરિટેબલ ટ્રસ્ટ અમરેલી દ્વારા વિશાળ બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું આ બાઈક રેલી મોટા બસ સ્ટેન્ડથી રાજકમલ ચોક ત્યાંથી નાના બસ સ્ટેન્ડ અને ત્યાર બાદ ચીતલ રોડ સર્કલ ખાતે સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને પુષ્પ વર્ષા અને ફૂલહાર કરીને જન્મ જયંતીની ઉજવણી કરવામાં આવી હતી આ તકે ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા, અમરેલીના સાંસદ નારણભાઈ કાછડિયા, અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલિયા,લાઠી બાબરાના પૂર્વ ધારાસભ્ય વિરજીભાઈ ઠુંમ્મર, ડી.કે. રૈયાણી, લેઉવા પટેલ ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખ દિનેશભાઈ ભૂવા સહિત પટેલ સમાજના આગેવાનો, રાજકીય આગેવાનો અને અમરેલી વિદ્યાસભા ડાયરેકટર વસંતભાઈ પેથાણી સ્કૂલના બાળકો તેમજ અમરેલી લોકો આ રેલીમાં જોડાયા હતા.

### તકેદારીના પગલાનાં પ્રચાર અને પ્રસાર અર્થે

# અમરેલી : એઆરટીઓ અને ટ્રાફીક પોલીસ દ્વારા રોડ સેફટી અવરનેશ કાર્યક્રમ યોજાયો

## એસ.ટી.ના ચાલકો તેમજ શાળાઓના બાળકોને માર્ગદર્શન અપાયું



અમરેલી, તા. ૩૧

અમરેલી એ.આર.ટી.ઓ તથા ટ્રાફીક પોલીસ દ્વારા જિલ્લામાં રોડ સેફિટીના નિયમો તેમજ તકેદારીના પગલાના પ્રચાર પ્રસાર અર્થે જન જાગૃતિ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમ અંતર્ગત અમરેલી માર્ગ અને વાહન વ્યવહાર વિભાગ હેઠળના એસ.ટી.ના ડ્રાઈવરો તેમજ લાઠી–લીલીયાની વિવિધ શાળ ાઓના વિદ્યાર્થીઓને માહિતી આપવામાં આવી હતી.

એકિસડન્ટ નિવારવા માટે કયા પ્રકારની તકેદારી રાખવી તેના પર વિશેષ ભાર આપવામાં આવ્યો હતો. ખાસ કરીને એસ.ટી.માં ફરજ બજાવતા ડ્રાઈવરો જેમની ફરજ દરમિયાન અકસ્માતો ઘટયા હોય તેમને વિશેષ તકેદારી રાખવા માટે સમજણ આપવામાં આવી હતી. લાઠી અને લીલીયાની વિવિધ શાળાઓ કલાપી વિદ્યાલય, એન.એચ. સંઘવી, અમૃતબા, શાંતા વગેરે શાળાઓના વિર્દ્યાથીઓને જાગૃત કરવામાં આવ્યા.

### ઈન્દિરા ગાંધીને શહીદ દિને શ્રધ્ધાજંલિ સાથે

# અમરેલી ખાતે કોંગી આગેવાનો દ્વારા સરદાર પટેલને પુષ્પાજંલિ અર્પણ કરાઈ

## પૂર્વ સાસંદ, કોંગી પ્રમુખ વિગેરે જોડાયા




અમરેલી, તા. ૩૧

સરદાર વલ્લભભાઈ પટેલની ૧૪૯ મી જન્મ જયંતિ સરદાર પટેલ પ્રતિમાને જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા ફુલહાર કરી જિલ્લા કોંગ્રેસ સમિતિ ખાતે પૂર્વ વડાપ્રધાન ઈન્દિરાજીની નિર્વાણ તિથિને શ્રદ્ધાંજલિ પાઠવી આ દેશના બંને યોદ્ધાઓને યાદ કરી કોંગ્રેસ પક્ષ માટેના દેશ માટે એ બલિદાન આપી આ દેશના રજવાડા એક કરી હિન્દુસ્તાન મહાસત્તા બનાવ્યું પાકિસ્તાનના બે ભાગ પાડીએ પોતાની તાકાત બતાવી ભારતની સંસ્કુતિને અને ભારત દેશની મહાન હસ્તી દેશને આગળ વધારી તેને સત સત નમન કરી ને કાર્યક્રમ યોજયો હતો.

આ કાર્યક્રમમાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ડીકે રૈયાણી, પૂર્વ સાંસદ ધારાસભ્ય વિરજીભાઈ ઠુંમર, બક્ષીપંચ રમેશભાઈ ગોહિલ, રવજીભાઈ વાઘેલા, કોંગ્રેસ કાર્યાલય મંત્રી જનકભાઈ પંડયા, જમાલભાઈ મોગલ, દિનેશ સાવલીયા, જગદીશભાઈ પાનસુરીયા, જગદીશભાઈ તળાવીયા, કુલદીપ ધાધલ, ફિરોજ મોગલ સહિતના કોંગ્રેસના મહત્વનાં આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

''અમરેલી એકસપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એકસપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

# વડિયા ખાતે સરદાર પટેલની જન્મજયંતિની ઉજવણી



તસ્વીર : જીતેશગીરી ગોસાઈ–વડીયા

વડિયા, તા.૩૧

વડિયા ખાતે અખંડ ભારતના શિલ્પી, લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૪૮ મી જન્મ જયંતી વડીયા સરદાર ચોક ખાતે સરદાર સાહેબ ની મૂર્તિને હારતોરા કરીને જન્મજયંતી ઉજવવામાં આવી આ નિમિત્તે ગ્રામપંચાયત સરપંચ મનિષભાઈ ઢોલરીયા પૂર્વ ઉપ સરપંચ વિપુલભાઈ રાંક પરસોતમભાઈ હીરપરા શૈલેષભાઈ ઠુંમર તુષારભાઈ ગણાત્રા દિનેશભાઈ રામાણી પ્રતિકભાઈ હરખાણી વડીયા ગામના સર્વેસમાજના આગેવાનો તેમજ આજુ બાજુના ગામ લોકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# ઉના : રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ-ગીર ગઢડાનું પથ સંચલન જામવાળા ગામે યોજાયું



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના.

ઉના, તા.૩૧

ગીર ગઢડા તાલુકાના જામવાળા ગામે ગીર ગઢડા તાલુકા રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના કાર્યકર્તા દ્વારા પથ સંચલન કરવામાં આવ્યું હતું. જેમાં તાલુકા ના ૧૮ ગામમાંથી ૨૬૩ સ્વયમ સેવક ઉપસ્થિત રહ્યા હતા. જામવાળા ગામના લોકો દ્વારા પરમ પૂજય ભગવા ધ્વજને ફૂલો દ્વારા વધાવવામાં આવ્યો હતો.

વિશાળ સંચલનમાં નાના બાળકો પણ હર્ષ ભેર આનંદથી જોડાયા હતા. સંચલનની સાથે સાથે શસ્ત્ર પૂજન કરવામાં આવ્યું હતું અને મુખ્ય બૌધિક વક્તા બાઉદિન કોલેજના અધ્યાપક અને વિભાગના પ્રચાર પ્રમુખ રાજેન્દ્રસિંહ પરમાર ઉપસ્થિત રહ્યા હતાં જેના દ્વારા ડો.હેડગેવાર દ્વારા સંઘ સ્થાપનાથી લઈ ને આજ સુધી સંઘ દ્વારા રાષ્ટ્ર નિર્માણ માટે કરવામાં આવેલ કાર્યની માહિતી આપી હતી, રાષ્ટ્ર ભક્તિ માનવ જીવન માટે ખૂબ મહત્વ ધરાવે છે તેના અલગ અલગ ઉદાહરણ દર્શાવ્યા હતા. હાલ આપણો દેશ ભારત વિશ્વમાં આપણી સંસ્કૃતિ અને સભ્યતા માટે વખણાય છે.

જી–૨૦ જેવા કાર્યક્રમ માટે આપણો દેશ યજમાન રહ્યો છે. સનાતન ધર્મ વિશ્વમાં ફેલાય રહ્યો છે તો ભારતના સૌ નાગરિક એક થાય ને રાષ્ટ્રના કલ્યાણની ભાવના કરે તે બાબતે સ્વયમ સેવકને સંદેશો આપ્યો હતો.

સ્વયમ સેવક દ્વારા સેવા કાર્યમાં હર હંમેશ મોખરે રહે છે જેવા કે કચ્છનો ભૂકંપ હોઈ, તોકતે વાવાઝોડું હોઈ કે મોરબી પુલ દુર્ઘટનાહોઈ. સ્વયમ સેવક ઊભા પગે સેવા કાર્યમાં જોડાય છે. તાલુકા કાર્ય વાહ દ્વારા પણ ગીર ગઢડા સ્વયમ સેવક દ્વારા કરવામાં આવેલ સેવાની વાત કરવામાં આવી હતી અને આ વખતે સંઘનો જીલ્લાનો પ્રાથમિક વર્ગ સરસ્વતી કોલેજ ગીરગઢડામાં હોઈ તે બાબતે વાત કરવામાં આવી હતી અને નાતી જાતિના ભેદભાવ વગર આપણે સૌ એક જ છીએ તે બાબતે ગંભીરતા પૂર્વક સમજ આપી હતી.

### સરદાર પટેલ ગ્રૂપ દ્વારા

# અમરેલીમાં સરદાર પાર્ક ખાતે સરદાર પટેલને પુષ્પાજંલિ અર્પણ કરાઈ

## યુવા ભાજપ અગ્રણી મનિષ સંઘાણી પણ જોડાયા




અમરેલી, તા.૩૧

અંખડ ભારત ના શિલ્પી લોહ પુરૂષ ભારત રત્ન સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતી નિમિત્તે સરદાર પટેલ ગ્રુપના સ્થાપક અધ્યક્ષ અને ગુજરાત પ્રદેશ ભારતીય જનતા યુવા મોરચાના ઉપાધ્યક્ષ મનીષ સંઘાણીના માર્ગદર્શન હેઠળ સરદાર પટેલ ગ્રૂપ દ્વારા લોહ પુરૂષ સરદાર પાર્ક રામાણી નગર અમરેલી ખાતે લોખંડી પુરૂષ સરદાર પટેલની પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ કરવાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું ત્યારે જય મસરાણી, રવિ પંડયા, વિપુલ ભાઈ, દિપકભાઈ, જીજ્ઞેશ દાફડા, ભીખુભાઈ ડાભી, જયરાજ ગઢ ાદરા, ગૌરવ પંડયા ભાર્ગવભાઈ ત્રિવેદી તેમજ સરદાર પટેલ ગ્રુપના સદસ્યો ઉપસ્થિત રહી પુષ્પાંજલી અર્પણ કરી સરદાર પટેલના શરણોમાં શત શત વંદન કર્યા હતા.

### સેવાકાર્યમાં સહાયની સરવાણી

# અમરેલીના વણઝારા પરિવારે સારહિ તપોવન આશ્રમને ૧ લાખ અર્પણ કર્યા

## હિતેન્દ્રભાઈ વણઝારાએ રકમ અપર્ણ કરી





અમરેલી, તા. ૩૧

સેવાને સરનામે–ઉમળ કા સાથે શ્રી લોહાણા મહાપરિષદ અમરેલી રિજિયન પ્રમુખ તેમજ વેપારી મહામંડળ અમરેલીના પૂર્વ પ્રમુખશ્રી સંજયભાઈ વણઝારાનાં પિતાશ્રી હિતેન્દ્રભાઈ વણઝારા તેમજ પરિવાર દ્વારા સારહિ યુથ કલબ ઓફ અમરેલી દ્વારા સંચાલિત સારહી તપોવન આશ્રમનાં ઓફિસ રૂમ માટે તુલસીપત્ર રૂપે ફુલ નહી તો ફુલની પાંખડી સ્વરૂપે ૧,૦૦,૦૦૦ /– રૂપિયાનું અનુદાન અર્પણ કરેલ.

તા. ૨૮/૧૦/ ૨૦૨૩ નાં રોજ ૨૪ કુંડી ગાયત્રી યજ્ઞ યોજવામાં આવેલઉ તેમાં પણ પરિવાર સાથે સહભાગી થયેલ સાથો સાથ સંસ્થાની સેવાકીય પ્રવૃતિઓની વિગત મેળવી સંસ્થા ની પ્રગતિ અંગે સારહિ પરિવારના સ્વપ્નદ્રષ્ટા લોકસેવક મુકેશભાઈ સંધાણી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિનાં ચેરમેન તુષારભાઈ જોષી, નિખિલભાઈ આશર સહિતનાં પદાધિકારીશ્રીઓ ઉપસ્થિત રહેલ સારહિ પરિવાર વતી હૃદયપૂર્વક આભાર માનવામાં આવેલ. તેમ સસ્થાની યાદીમાં જણાવેલ છે.

''અમરેલી એકસપ્રેસ''
અમારૂ ઇ–મેઇલ એડ્રેસ
''અમરેલી એકસપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે,ઈ–મેઈલ એડ્રેસ
amreliexpress7@gmail.com
પર ફોટોગ્રાફસ મોકલવા.
''અમરેલી એકસપ્રેસ'' દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

# સા.કુંડલા ખાતે આરએસએસ દ્વારા વિશાળ પંથ સંચલન અને શસ્ત્ર પુજન યોજાયું


શહેરમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનું વિશાળ પથ સંચલન નીકળ્યું અને શસ્ત્ર પુજન કરાયું રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સાવરકુંડલા નગર દ્વારા વિજયા દશમી ઉત્સવનાં અનુસંધાને મોટી સંખ્યામાં સ્વયંસેવકો સાથેનું પંથ સંચલન કૃષ્ણકુમાર સિંહજી વ્યાયામ મંદિર ખાતેથી પ્રસ્થાન કર્યુ હતું. સાવરકુંડલા નગર આર.એસ. એસ.દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ વિજયા દશમીનું ભગવા ધ્વજ સોથ રાષ્ટ્રીય સ્વયંસેવકો દ્વારા પુર્ણ ગણવેશધારી સ્વયંસેવકોનું પથ સંચલન સાથે નીકળ્યું હતું. શિસ્ત અને અનુશાસન સોથ સંઘનાં સ્વયંસેવકોનું પથ સંચલન રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ દ્વારા વ્યાયામ મંદિર, જે.વી. મોદી હાઈસ્કુલ રોડ, મણીભાઈ ચોક રાઉન્ડ, રિધ્ધિ–સિધ્ધિ ચોક, નાવલી, જુનું બસ સ્ટેન્ડ, પોલીસ સ્ટેશન, રેલવે સ્ટેશન, કુદરતી ઉપચાર કેન્દ્ર, મહુવા રોડ, જનતાબાગ, હોમગાર્ડ ઓફિસ થઈને વ્યાયામ મંદિર ખાતે સંચલન પુર્ણ થયું હતું. સ્વયંસેવકોનાં પથ સંચલનને ઠેર–ઠેર અબીલ, ગુલાલ, ફુલો, ચોખા, કંકુથી આવકારવામાં આવ્યું હતું. ભારતીય જનતા પાર્ટી, વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળ, વિવિધ હિન્દુ સંગઠનનો શહેરનાં અગ્રણીઓ, વેપારીઓ તેમજ શાળાનાંવિદ્યાર્થીઓ દ્વારા ફુલની વર્ષો કીરને ભારત માતા કી જય, વંદે માતરમ સાથે પથ સંલચનનું ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું હતું ઘોષનાં વાંધ્યોનાં તાલે સ્વયંસેવકો શિસ્તબંદ્ધ અને અનુશાસનમાં કદમથી કદમ મિલાવીને પથ સંચલનમાં ભાગ લેનારા સ્વયંસેવકોને જોવા માટે સાવરકુંડલા નગરનાં લોકો માટે અનેરો લ્હાવો બની રહયો હતો. સંઘનાં જવાબદાર સ્વયંસેવકો દ્વારા વિવિધ સ્થાનો પરથી નિરીક્ષણ કરવામાં આવ્યુંહતું. અને વ્યવસ્થા કરવામાં આવી હતી. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની સ્થાપનાં ૧૯૨૫ માં વિજયાદશમીનાં દિવસે થઈ હતી દર વર્ષની જેમ આ વર્ષે પણ સાવરકુંડલા શહેરમાં નગરનું પથ સંચલન યોજાયું હતું. સંચલનમાં ઘોષ, સનાતન ધર્મ પ્રતિક અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનાં ગુરૂસ્થાને રહેલા પવિત્ર ભગવાધ્વજ સાથે લાઠીા સજજ સ્વયંસેવકો પુર્ણ ગણવેશમાં જોડાયા હતા. વિજયાદશમી ઉત્સવમાં સ્વયંસેવકોએ વ્યાયામ યોગ અને કરાટેનું સામુહિક નિદર્શન કર્યુ હતું. અને શસ્ત્રોનું પુજન, અર્ચન કરી નમન કરવામાં આવ્યા બાદ કાર્યક્રમ પુર્ણ થયો હતો.

## ''અમરેલી એકસપ્રેસ''માં ૨૭ ઓકટોબરનાં અહેવાલમાં વ્યકત થયેલ આશંકા સાચી સાબિત થઈ

# સાવરકુંડલામાં લેભાગુ વેપારી કરોડો રૂપિયાનાં ઉઘરાણા કરી રફુ ચક્કર

સમગ્ર પંથકની જનતાને ઈલેકટ્રોનિકસ ઉપકરણો કોડીયોનાં ભાવે આપવાની લાલચ આપીને ચેન્નઈનાં લેભાગુ શખ્સો નાસી ગયા

છેલ્લા ૧૨ દિવસમાં કરોડો રૂપિયાનાં ઉઘરાણા કર્યા અને ઉપકરણ દેવાનાં સમયે ગોડાઉનમાં કોઈ જોવા ન મળ્યું

ગરીબ અને મઘ્યમવર્ગે લોહી-પાણી એક કરીને એકત્ર કરેલ નાણાનું રોકાણ કર્યુ અને માથે ઓઢીને રોવાનો વારો આવ્યો

વહીવટીતંત્રએ અમરેલી એકસપ્રેસનાં અહેવાલની નોંધ લઈને કાર્યવાહી કરી હોત તો હજારો પરિવારો આર્થિક કૌભાંડથી બચી શકત




સાવરકુંડલા, તા. ૩૧

''અમરેલી એકસપ્રેસ'' દૈનિકમાં ૨૭ ઓકટોબરનાં રોજ સાવરકુંડલામાં ચેન્નાઈથી આવેલ લેભાગુ વેપારીથી સાવચેત રહેવા સૌને અનુરોધ કરવામાં આવ્યો હતો અને આજે તે વેપારી કરોડો રૂપિયા લઈને રફુ ચકકર થઈ જતાં ચકચાર મચી છે. વિગત એવા પ્રકારની છે કે, છેલ્લા એક અઠવાડિયાથી સાવરકુંડલા સ્થિત કાઠી ક્ષત્રિય અગ્રણી અને અમરેલી જિલ્લા ચેમ્બર ઓફ કોમર્સના

અનુસંધાન પાના ૬ ઉપર

### ગોલ્ડ સ્ટાર હોમનિડ સપ્લાયર્સમાં

## સાવરકુંડલામાં છેતરપીંડી અને વિશ્વાસઘાતનો ભોગ બનેલ સ્થાનિક પોલીસનો સંપર્ક કરે

### રોકાણનાં આધાર–પુરાવા સાથે સંપર્ક કરવા જણાવાયું

સાવરકુંડલા, તા. ૩૧

સાવરકુંડલામાં ગોલ્ડસ્ટાર હોમનિડ ધ્વારા છેપરપીંડી અને વિશ્વાસઘાતની ઘટના બનેલ હોય સ્થાનિક પોલીસે મદદરૂપ થવા તૈયારી દર્શાવી છે.

સ્થાનિક પોલીસે જાહેર અનુરોધમાં જણાવેલ છે કે, સાવરકુંડલા મહુવા રોડ, બસસ્ટેન્ડ સામે આવેલ ગોલ્ડ સ્ટાર હોમનિડ સપ્લાયર્સના નામની હોમ પ્રોડકટમાં જે લોકોએ ટી.વી., વોશિંગ મશીન, એ.સી., સોફાસેટ, સેટી વિગેરે ઘરની વસ્તુઓ મુડી રોકાણ કરેલ હોય તેવા રોકાણકારોએ રોકાણ કર્યા અંગેના આધાર પુરાવા લઈ સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા જણાવેલ છે.

### સરકારનાં અવનવા અભિયાન છેવાડાનાં માનવી સુધી પહોંચી શકતા નથી

## લ્યો બોલો : લીલીયામોટા ખાતે ''સ્વચ્છતા હી સેવા''નાં માહોલમાં આંગણવાડી નજીક ગંદકીનું સામ્રાજ્ય

### સ્થાનિક ગ્રામ પંચાયતને સ્વચ્છતા સાથે કોઈ લેવા દેવા નથી



લીલીયા મોટા, તા.૩૧

લીલીયા મોટા ખાતે ભરવાડ શેરી વોર્ડ નો ૫ માં આવેલ આંગણવાડીની બાજુમાં આવેલ ગટર છેલ્લા ઘણા દિવસો નહિ પણ ઘણા મહિનાથી ઉભરાતી હોય અને એ આંગણવાડીમાં નાના ભૂલકાંઓને ભણાવવાના હોય તેવા સંજોગોમાં આંગણવાડીની બાજુમાં ગટરના ગંદા પાણી ઉભરાતા હોય ત્યારે હાલ મેલેરિયા ડેન્ગ્યુ જેવી જીવ લેંણ બીમારીઓ ફાટી નીકળેલ છે તે પહેલા સૂતેલું ગ્રામ પંચાયત તંત્ર અને સરપંચ જાગે તો સારૂં બાળ કોના સ્વાસ્થ્યને લઈને વોર્ડ નાં ૫ ના સદસ્ય શબિર દલ દ્વારા રજુઆત કરાઈ આંગણવાડીમાં આવતા ભૂલકાઓના વાલીઓ પણ ચિંતિત છે તેમ ઈમરાન પઠાણની યાદીમાં જણાવેલ છે.

Since 1986
બાલમુકુંદ જવેલર્સ પ્રા.લી. (જંગરવાળા)
જો કોઇ વ્યકિત તેને પોતાને જરૂર હોય ત્યારે જ યાદ કરે છે તો તેમનું ખોટું ન લગાડો કેમ કે, જયારે અંધારૂ થાય ત્યારે જ સૌને દીવાની યાદ આવે છે
લાઇવ રર કેરેટ દાગીનાના ભાવ જાણવા મીસ કોલ કરો 95558 11166

### ૨૦ દિવસનાં સંઘર્ષ બાદ બોટ મળી ગઈ

## જાફરાબાદની ''શિવ સુંદર'' નામની બોટ ડૂબી ગયા બાદ દિવસો પછી મળી આવી

### ૩ થી ૪ બોટ વડે બોટને દીવ કાંઠા સુધી આવી



ઉના, તા. ૩૧

ગત તા. ૧૯ સપ્ટેમ્બર ૨૦૨૩ ના રોજ મુંબઈના દરિયાની સામે ૨૧ કિ.મી. દુર અમૃતલાલ હરજી બામણીયાની માલિકીની 'શિવ સુંદર' નામની બોટ દરિયામાં ડૂબી ગઈ હતી. જેના કારણે તેઓ અને તેમના પરિવાર પર જાણે આભ તુટી પડયું હોય અને ખુબ ચિંતામાં પડેલ અને ત્યાં કેટલીક બોટો બચાવવા ગયેલ પણ સંજોગો વસ ૨૧ થી ૨૬ વામ પાણીમાં બોટ હોવાથી ખુબ મુશ્કેલીનો સામનો કરવો પડેલો અને જયારે 'યુવા જાગૃત માછીમાર'ના સભ્યોને જાણ થતાં તેઓ નિઃસ્વાર્થ ભાવે અમૃતલાલ ભાઈની મદદ કરવા દરિયામાં પહોંચેલ અને ૨૦ દિવસના સંઘર્ષ પછી પાણીમાં ડૂબેલ બોટને દરિયામાંથી પાણીની અંદર ચાલતા

અનુસંધાન પાના ૬ ઉપર

ડૉ. પિયુષ વી. ગોસાઈ
(એમ.ડી.) ગાયનેક
પ્રસુતિ તથા સ્ત્રીરોગ નિષ્ણાંત
શ્રીજી વુમન્સ હોસ્પિટલ તથા સોનોગ્રાફી સેન્ટર
સુખનાથપરા, હિરામોતી ચોક, શ્રીજી ટાવર સામે, લીલીયા રોડ, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૧૦૯૬ મો. ૭૦૧૬૧૧૨૪૦૬
ઓપીડી સમય : સવારે ૧૦ થી ૨ સાંજે ૬ થી ૮
સોમવાર થી શનિવાર...
ઉપલબ્ધ સુવિધાઓ : સગર્ભા સ્ત્રીઓની નિયમિત તપાસ (ANC) ▪ પ્રસુતિ પછીની તપાસ (PNC) ▪ નોર્મલ ડીલેવરી ▪ સીઝેરીયન ડીલેવરી ▪ કોપર ટી સરકાર માન્ય કુટુંબ નિયોજનનું ઓપરેશન ▪ સરકાર માન્ય ગર્ભપાત (MTP) કેન્દ્ર ▪ સોનોગ્રાફી સેન્ટર (કલર ડોપ્લર તથા 3D/4D સોનોગ્રાફી) ▪ ગર્ભાશયનાં તમામ રોગોની તપાસ તથા સારવાર ▪ ગર્ભાશયનું ટાંકાવાળુ/ટાંકા વગરનું ઓપરેશન ▪ ગર્ભાશયનાં મુખનાં કેન્સરની તપાસ (પેપ્સ સ્મીયર) ▪ IUI ફેસીલીટી ▪ IVF માટે સલાહ.




*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)